સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૨, અંક :- ૪, એપ્રિલ - ૨૦૧૪
બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-







દિપ પ્રાગટ્ય



કીર્તન સંગીત રત્નાકર શ્રી હસમુખ પાટડીયા



સંતવાણી રત્નાકર શ્રી નિરંજન પંડ્યા



યુવા અભિનય રત્નાકર શ્રી ફૈઝલખાન
(ભારત કા વીર પુત્ર મહારાણા પ્રતાપ - પાત્ર અભિનય)



પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



લોકસાહિત્ય રત્નાકર શ્રી ભીખુદાન ગઢવી



હાસ્ય રત્નાકર શ્રી શાહબુદ્દીન રાઠોડ



કાર્યક્રમ સંચાલક શ્રી હરદેવ આહિર





વડતાલ ગાદિ-પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં **સરધારધામ**ને આંગણે યોજાયેલ કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી અને હાસ્ય પ્રતિભાનો **'રત્નાકર સન્માન સમારોહ'** (તા. ૧૯-૪-૨૦૧૪)

# રત્નાકર સન્માન સમારોહ - સરધાર


૧


૨


૩


૪


૫


૬


૭


૮


૯


૧૦

**પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં સરધારધામને આંગણે પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી અને હાસ્ય પ્રતિભાનો 'રત્નાકર સન્માન સમારોહ' (તા. ૧૯-૪-૨૦૧૪)**

૧. પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી, હાસ્ય અને અભિનય પ્રતિભાના રત્નાકર એવોર્ડથી સન્માનિત કલાકારો. ૨. સ્વાગત નૃત્ય રજૂ કરતા સરધાર મંદિરના વિદ્યાર્થી યુવક મંડળના યુવાનો. ૩. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સંગીત જુગલબંધી દ્વારા સ્વાગત કરતા પૂ. નિર્દોષ સ્વામી (સારંગી - વાયોલીન) પૂ. મહાપુરુષ સ્વામી (બાંસુળી) તથા પાર્ષદ કૃણાલ ભગત (તબલા) ૪. નિલાદ્રી ચેટરજી તથા શ્રી અનમોલ ખત્રીના સુમધુરકંઠે ગવાયેલ 'પ્રીતમજી પ્યારા' અને 'જપો જન શ્રી ઘનશ્યામ' ઓડીયો કીર્તન સી.ડી.નું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે પૂ. સ્વામી, પૂ. મુક્તાનંદ બાપુ, પૂ. શાસ્ત્રી સ્વામી તથા સંગીતકાર રવિ વ્યાસ - કૃણાલ પરમાર તથા પ્રકાશક શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળના યુવાનો. ૫-૬-૭. પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સ્વામીના આશીર્વાદ મેળવતા તેમજ ઉદ્‌બોધન કરતા મહારાણા પ્રતાપ ફેઈમ શ્રી ફૈઝલખાન. ૮. શ્રી ફૈઝલખાન સાથે શ્રી નિલાદ્રી ચેટરજી તથા શ્રી અનમોલ ખત્રી ('સારેગમપ લીટલ ચેમ્પ' રનરઅપ), શ્રી નિર્વેશ દવે (ઈન્ડિયન આઈડલ જૂનીયર રનરઅપ) ૯-૧૦. પ.પૂ. લાલજી મહારાજશ્રીના ભાવથી દર્શન કરતા અને પૂ. સ્વામી સાથે ચર્ચા કરતા શ્રી ભીખુદાનભાઈ ગઢવી, શ્રી નિરંજનભાઈ પંડ્યા અને શાહબુદ્દીનભાઈ રાઠોડ




**પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના** આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. લાલજી મહારાજશ્રીના** દિવ્ય સાંનિધ્યમાં **સરધારધામને** આંગણે **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના** માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી અને હાસ્ય પ્રતિભાનો **'રત્નાકર સન્માન સમારોહ'** (તા. ૧૯-૪-૨૦૧૪)

પ.પૂ. લાલજી મહારાજશ્રી દ્વારા કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી અને હાસ્ય પ્રતિભાના રત્ન કલાકારોનું સન્માન. ૧. શ્રી સુખદેવ ધામેલીયા ૨. શ્રી જીતુભાઈ દ્વારકાવાળા ૩. શ્રી જીતુદાદ ગઢવી ૪. શ્રી જગદિશ ત્રિવેદી ૫. શ્રી મેરાણ ગઢવી ૬. શ્રી અભેસિંહ રાઠોડ ૭. શ્રી ઘનશ્યામ લાખાણી ૮. શ્રી લક્ષ્મણ બારોટ ૯. શ્રી બિહારી હેમુ ગઢવી ૧૦. શ્રી ખીમજી ભરવાડ ૧૧. શ્રી હરેશદાન ગઢવી ૧૨. શ્રી જગમાલ બારોટ ૧૩. શ્રી નિલાદ્રી ચેટરજી તથા શ્રી અનમોલ ખત્રી ('સારેગમપ લીટલ ચેમ્પ' રનરઅપ) ૧૪. શ્રી નિર્વેશ દવે (ઈન્ડિય આઈટલ જૂનીયર રનરઅપ) ૧૫. શ્રી હેંમત જોષી તથા ૧૬. આર.કે. યુનિવર્સીટીના **વર્ષ ૨૦૧૩-૧૪ના 'Student of the Year'ના પુરસ્કારથી** સન્માનિત સરધાર મંદિરમાં રહીને વિદ્યાભ્યાસ કરતા શ્રી ઘનશ્યામ મારડીયાને અભિનંદન પત્ર અર્પણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સ્વામી તથા પૂ. મુક્તાનંદ બાપુ.

# રત્નાકર સન્માન સમારોહ - સરધાર











પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં સરધારધામને આંગણે પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી અને હાસ્ય પ્રતિભાનો 'રત્નાકર સન્માન સમારોહ' (તા. ૧૯-૪-૨૦૧૪)

આ પ્રસંગે ખાસ ચાંપરડાથી પૂ. શ્રી મુક્તાનંદ બાપુ, પૂ. શ્રી એસ.પી. સ્વામી, પૂ. કોઠારી સ્વામી - ગઢડા, પૂ. શા. શ્રી પ્રેમસ્વરૂપદાસજી સ્વામી, પૂ. મહંત શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂ. કે.પી. સ્વામી, પૂજારી શ્રી ગોવિંદ સ્વામી - જૂનાગઢ, પૂ. શ્રી વિવેક સ્વામી વગેરે બ્રહ્મનિષ્ઠ સંતો તેમજ રાજકોટ શહેરના ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ, તબીબીઓ, એડવોકેટશ્રીઓ, સંગીતકારો, સાહિત્ય મર્મજ્ઞો વગેરે તેમજ ૬૦ હજારથી વધુ માનવમેદની ઉપસ્થિત રહી સમગ્ર સન્માન સમારોહને સવારના ૪.૦૦ વાગ્યા સુધી માણ્યો હતો.



# સ્વામિનારાયણ ચિંતન

વર્ષ :- ૨ | અંક :- ૪ | તા. ૨૦-૦૪-૧૪

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

:: પ્રકાશક/માલિક/તંત્રી :: સાધુ પતિતપાવનદાસજી
:: સંપાદક :: સ્વામી આનંદસ્વરૂપદાસજી(વેદાંતાચાર્ય)

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું
રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું,
દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં
આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

:: લેખન / સંકલન ::

સાધુ અમૃતસ્વરૂપદાસજી
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## અનુક્રમણિકા

૧ કલ્યાણકારી સંગીત-સાહિત્ય અને કલાના પોષક ભગવાન શ્રી સ્વામિનારાયણ ૦૬
સાધુ અમૃતસ્વરૂપદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૨ રત્નાકર સન્માન સમારોહ - ૨૦૧૪ ૧૪
સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પાર્ષદ સંદિપભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૩ આધુનિક દૃષ્ટિએ આપણા ધાર્મિક વિધાનોનું રહસ્ય... ૨૦
પાર્ષદ સંદિપભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

૪ સત્સંગ સમાચાર પત્રિકા ૨૮
સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

૫ હરિદ્વાર મહોત્સવ ૩૪
- સંકલિત

૬ શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા ૩૫
- સંકલિત

૭ પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની કથાપારાયણોની તિથિ-તારીખ ૩૬
- સંકલિત

:: લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર ::

'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
**Visit us :** www.sardharkatha.net
www.swaminarayanvadtalgadi.org
**E-mail :-** sardharmandir@gmail.com

:: લવાજમ દર ::

બે વર્ષઃ રૂા. ૧૬૦/-
પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-
પરદેશમાં લવાજમ : $ 200 U.S.A.,• £ 125 U.K.

હમારા લક્ષ્ય ચેનલ પર
હવે આપ માણો દુનિયાના 52 દેશોમાં...
Online
www.lakshyatv.com

દિવ્ય અમૃતવાણી
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની

સત્સંગ કથામૃત
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી-સરધાર
તથા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે

સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

છબીકલા : શિવલાલ સુદાણી - બારમણ, મો. ૯૮૭૯૨૬૯૫૪૦ શ્રીહરિકૃષ્ણ વિડિયો વિઝન - સુરત. મો. ૯૪૨૮૬૯૫૫૧૩. શ્રીહરિ ડીઝીટલ સ્ટુડીયો - સુરત. મો. ૯૯૨૫૦૩૦૨૫૦



## કલ્યાણકારી સંગીત-સાહિત્ય અને કલાના પોષક

# ભગવાન શ્રી સ્વામિનારાયણ

સાધુ અમૃતસ્વરૂપદાસજી, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

ગુજરાતની ગૌરવવંતી વસુંધરા પર **અનેક રત્નો** આકાશના **તારલાની જેમ** આ ધરાને ઝળહળાવી રહ્યા છે. પરંતુ આવા અનેક રત્નોની જે **આકર** એટલે કે **ખાણ** હોય તેને **'રત્નાકર'** કહે છે. અર્થાત્ કેટલાય રત્નો જેમના વિશાળ બાહુપાશ નીચે સેવાઈને ઝળહળતા હોય એવા રત્નાકરો પણ આ **ખમીરવંતી ભોમકા** ઉપર થઈ ગયા છે, છે અને થતા રહેશે...!!!

સમગ્ર ભારત તેમજ ગુર્જરગીરાના કેટલાય કવિઓ, લેખકો, સંગીતકારો અને સાહિત્યકારોએ આવા રત્નાકરોની કલાને તેમની સુયોગ્ય કદર દ્વારા નિચોડીને આવા રત્નાકરોને યથાશક્ય સત્કાર્યા પણ છે. તેમ છતાં **ભારતીય સંસ્કૃતિ**ના ઊંડા **આદર્શો**ને જનસામાન્ય સુધી પહોંચાડી સંસ્કૃતિની ધરોહરને નવપલ્લવિત રાખવા આવા **ઉમદા કલાકારો** માટે ગુજરાતના આબાલવૃદ્ધ તમામ નાગરિકો કાયમ ઋણી રહેશે. કારણ કે, પશ્ચિમી વાયરાની ઝપટમાં જ્યારે સમગ્ર **ભારત વર્ષ** ઘેરાયું ત્યારે આપણા લોક સાહિત્યકારો, ભજનીકો, હાસ્ય કલાકારો તેમજ ગાયકોએ પોતાની **'ઈશ્વર દેણ કે ખુદાબક્ષ' કલા**ને સમાજ વચ્ચે મહામહેનતે પણ **જીવંત** રાખી છે અને ગુજરાતના બહુમોટા સમાજને પશ્ચિમી સંસ્કૃતિની ઝેરી હવા ન ચડી જાય એ માટે તેઓ એક શૂરવીર **લડવૈયા**ની જેમ ઝઝુમ્યા છે. સંગીત - સાહિત્ય અને કલાના પોષક સર્વાવતારી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણે** પણ ભારતીય સંસ્કૃતિને જાળવવા માટે કેટલાય રત્નાકરોને ખૂબ માન-સન્માન સાથે અનેકવાર બિરદાવ્યા છે અને એવા કેટલાય પ્રસંગો સાંપ્રદાયિક ગ્રંથોમાં કંડારાયા છે તે **પ્રસંગો**ને આ 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' અંકના માધ્યમથી **તાદૃશ્ય** કરીએ.



## પીપળી ગામમાં પ્રેમમગ્ન સારંગીવાદક ઉપર વાત્સલ્ય વરસાવતા શ્રીહરિ...

રૂમઝુમ... રૂમઝુમ... કરતી મધરાત તમરા સાથે ગોઠડી કરતી વહી રહી છે. આ નીરવ શાંતિમાં કર્ણની સાથે તનને ખેંચી લે એવો મીઠો અવાજ સંભળાય છે. સારંગીના સૂર સાથે મિત્રતા કરી. એક નટબાળ ગાતો હતો;

**'મન મારું ઊંચી તે મેડીએ મ્હાલે મહારાજ,**
**આવો ને આજ તમે ગરીબનિવાજ; તલપું છું દર્શનને કાજ...'**

એ હતો **નટબાળ - ભૂરિયો - ભટુરિયો.**

વિવિધ વાદ્યો સાથે ગામોગામ જનોને મનરંજન કરતા નટકુળમાં પણ ભૂરિયાની સારંગી પર તો સૌ ડોલી જ ઊઠતા...!! દશ વરસનો આ નટબાળ સૌની આંખડી ઠારતો. એની કુમળી આંગળીઓના ટચૂકડાં ટેરવા સારંગીના તાર પર ચપળતાથી રમતાં ત્યારે સૂરની સરવાણી ફરી ફરી ઝરણું બની જતી. એમાં સૌ કોઈ ભીંજાતા. નમણી આંખો, હસતું મુખડું, સુઘડ બાંધો, શ્યામલ કાન્તિ, ટપકતું લાવણ્ય એની કલાપ્રિયતાના ને સંવેદનશીલતાનાં દ્યોતક હતાં.

સારંગીની સાધનામાં આ નટબાળ ભોજન પણ વિસરી જતો. તળાવની પાળ પર મોડી રાતથી વહેલી સવાર સુધી પરમતત્ત્વને આરાધતો સૂરીલા કંઠે ગાવણું કરી એ ભક્તિમાં ડૂબી જતો. ખરતી ચાંદનીના દૂધમાં સારંગીના સૂર ઘોળાતા. એના ઘૂંટ લેવા તળાવની માછલીઓ ટોળે વળતી.

સારંગીના મોહક સૂરથી હૃદય રંજનાર ભૂરિયાને નથી કીર્તિની ભૂખ કે નથી ધનની લાલચ, નથી વાડી -ઘોડી કે દરબાર, નથી કાયા પર રંગીલો ઠાઠ, છતાં સૌને માયા ઉપજાવે એવું કંઈક તેનામાં હતું.

આજે **નટ** પીપળી ગામમાં રોકાયાને અઠવાડિયું થયું. આ દરમ્યાન ભૂરિયાની **સાધના** ઉત્કટ બની. ભગવાન શ્રી સ્વામિનારાયણનો શ્રાવ્ય પરિચય થતાં તેના અંતરમાં ઝબકારો થયો. એને દર્શનની લગની લાગી. રાતની ઊંઘ ઊડી ગઈ. અડધી રાતે નહિ દિવો, નહિ દિશા, નહિ સંગાથ, શ્રદ્ધાના જળ પર એનો વલોપાત ઘૂમરડી લેતો રહ્યો.

વિરહમાં સ્થળ અને સમય વિસરી ગયાં. એ ભગવાન શ્રીહરિમાં તદાકાર થયો. સૂરની સરવાણીમાં ભાવની ભરતી ચડી. અને સ્વયં શ્રીજીમહારાજ ખેંચાયા. એક કુમળા હૃદયના કામણથી કાઠી-દરબારો સહિત પોતે **પીપળી** પધાર્યા.

આખું ગામ સામૈયું કરવા ઉમટ્યું, ઢોલ ઢબુક્યા - ગુલાલ ઉડ્યો - ભૂંગળ વાગી - ભડાકા થયાં - તાળીના તાલ અને પગના ઠેકા સાથે મીઠી હલકથી વધામણાં રેલાયાં. માણકીને નચાવતા ભગવાન શ્રીહરિના નેત્રકમળ કંઈક શોધી રહ્યા છે, અને એ છે **નાનકડો નટબાળ-ભૂરિયો.** એ તો ક્યારનોય સારંગી વગાડતો શોભાયાત્રામાં સામેલ થઈ ગયેલો. મહાપ્રભુ શ્રીજીએ સૂર સુણ્યા કે નજર નાસિકાના ટેરવા પરથી ભમતી ભૂરિયા પર બેસી ગઈ ! એ કામણગારી નજરમાં બાળહૃદય જાણે વીંધાઈ ગયું - બંધાઈ ગયું. એ ખેંચાતો રહ્યો - ઠેઠ દાદાભાઈની ડેલી સુધી!

દાદાભાઈના નિવાસસ્થાને શોભાયાત્રા વિરમી. સભામાં સંતો-ભક્તો ગોઠવાયા. સુંદર ઢોલિયા ઉપર ભગવાન શ્રીહરિ બિરાજમાન થયા. પછી મહારાજે દાદાભાઈને સંબોધતા કહ્યું :

''દાદાભાઈ ! સહુને શાંતિથી બેસારી દ્યો ને પેલા દૂર ઊભેલા સારંગીવાળા બાળકને સારંગી સાથે અહીં લઈ આવો.''

દાદાભાઈ એ નટબાળને મહારાજ પાસે નજીક લાવ્યા. ભગવાન શ્રીહરિએ આંખના મીચકારે ને આંગળીના ઈશારે તે નટબાળને પરથાર પર લીધો, પછી તેને ભેટ્યા ને વહાલ કર્યું. સભા સ્તબ્ધ હતી ને વધુ સ્તબ્ધ બની. એમ કે - એક ભટકતું જીવન જીવતી નટ જેવી શુદ્ર જાતિને પણ ભગવાન શ્રીહરિનું હેત કેવું **અમીસિંચન** કરે છે ! અંતરનો **ખરો તલસાટ** જોઈએ. બાકી તો કાયા તો સૌ વરણને સરખી જ છે ને ! **હૈયાના મૂલ તો પરમાત્મા જ આંકી શકે !** એને કોણ ઊંચ કે કોણ નીચ !!

શ્રીજીમહારાજે સારંગીના સૂર રેલાવવા નટબાળને આજ્ઞા કરી. આજ્ઞા થતાં જ ભૂરિયાએ **સારંગી**ને **સતેજ** કરી. સૌના ચિત્ત પણ સતેજ થયા. એની નાની-નાની આંગળીઓ જાણે કે સારંગી સાથે રમતે ચડી હોય એવું લાગતું હતું. મધુર કંઠ ને સૂરનું સંયોજન

સૌના કલેવર પર લીંપાઈ ગયા, બાળકની પ્રીત ઝરવા માંડી.

સારંગી પર અંગુલિયો નર્તવા લાગી, (નાચવા લાગી) હૃદય ફૂટી નીકળતી સરવાણી રૂપે વહેવા લાગ્યું, પવન થંભ્યો, સૂર્ય થંભ્યો, શ્વાસ થંભ્યા. શ્રીજીપ્રભુના મોહક મુખ પર નટબાળ ભૂરિયાની **રસમુદ્રા** અંકિત થઈ. સારંગીના સૂરમાં ભાવનાના પૂર ચાલ્યા. ભગવાન શ્રીહરિનું હૃદય ફાટ-ફાટ થવા લાગ્યું - તેઓ ઊભા થયા. **હીરા જડિત** હાર કંઠમાંથી કાઢી નટબાળને પહેરાવ્યો - **સોનેરી બુટ્ટાદાર પાઘ** અર્પણ કરી.

સારંગીના સૂર તો વહેતા જ રહ્યા... વહેતા જ રહ્યા. મહાપ્રભુ શ્રીજીના **જરિયાની અંગરખાની કસો** સરેરાટ કરતી છૂટી ગઈ, એ પણ અર્પણ થયું ! અરે..., **મલમલ પામરી** (પછેડી) પણ અર્પી દીધી ! મહારાજ ઉઘાડે શરીરે થઈ ગયાં !!

કાઠી ભક્તોમાં ગુપચુપ ચાલી :

''ગજબ કર્યો - ભા ! આ બજાણિયે તો ! માળો ભારે હોંશીલો છે, બંધ જ નથી થાતો.''

''અલ્યા નાગાજણ ! ભણે, આ વારે બાપની આંખ ફરી છે હો. દાનના કોઠામાં ન હોય એવું દેવા માંડ્યું છે. હવે એક ઘોડીની સરક બાકી રહી છે, રખે એ પણ આપી દે. હવે કાંઈ યુક્તિ કર તો વગાડનાર વિરમે.'' સુરાખાચરે કહ્યું.

માતરે ધાધલે ઊભા થઈ નટબાળ ભૂરિયાના કાનમાં કંઈક કહ્યું. અને તેની **ભાવસમાધિ** તૂટી ગઈ. સારંગીએ આંગળીનો સાથ છોડી દીધો - એની આંખો ખૂલી ગઈ - સામે પડછંદ કાઠીને ગોઠણભેર ઝૂકેલા જોયા. એ નમ્યો અને કહ્યું :

''કેમ બાપજી ! તમે કંઈ કહ્યું ?''

''હા, હવે તારે શાની અપેક્ષા છે એ પૂછવા આવ્યો છું''

''અરે બાપજી ! મને જોઈતું મળી ગયું છે, મારો **હૈયાનો હાર** મારો **તારણહાર** મળી ગયા, હવે શું જોઈએ ?''

''હે મહારાજ ! આપને રીઝવવા જ ગાવણું કરું છું અને વગાડું છું.'' બાળકે ભગવાન શ્રીહરિને નિવેદન કરતા કહ્યું.

ફરીને સારંગી તાર ગૂંજવા લાગ્યા.

''ભણે, નાગાજણ ! તું ઊભો થા. આમ બંધ નહિ થાય તો માણકી કૃષ્ણાર્પણ થશે. જલ્દી તોફાની ઘોડો છૂટો મેલી દે.''

ઘોડો ઘોડારમાં ફરવા લાગ્યો. ઘોડીયું હાવણયો દેવા લાગી. બધે કોલાહલ મચી ગયો. સભા બધી હડડડ હફ્ફ ઊભી થઈ ગઈ. શ્રીજીમહારાજની મુખ મુદ્રા પર રેખ ફરકી નહિ, તેઓ કાઠીનું કામણ જાણી મનમાં હસ્યા. બાળક ભૂરિયાની સારંગીમાંથી વૃત્તિ તૂટી. પછી તેણે મહારાજને **સાષ્ટાંગ દંડવત્ પ્રણામ** કર્યાં. ભગવાન શ્રીહરિ તેને ફરીથી ભેટ્યા.

પીપળી ગામમાંથી ભગવાન શ્રીહરિ વિદાય થવા તૈયાર થયા ત્યારે નટબાળ પણ સાથે ચાલ્યો. તે વખતે શ્રીજીપ્રભુએ કહ્યું : ''બેટા ! તું પાછો વળ, હજી સારંગીનો સૂર ઘૂટી ઘૂટી પીવાનો બાકી છે. અમને સંભારજે, તારા અંતસમે હું આવીશ. ભવની ભટકણ હવે તારે ટળી ગઈ.''

એ સાનમાં સમજી ગયો, વધુ આગ્રહ ન કરી શક્યો. છતાં તેના હૃદયને કંઈક કહેવું હતું.

''ઠીક ! હવે રજા ?'' મહારાજે તેની પાસે વિદાય માંગી.

ધરતીઢાળ્યું મોં કરી નટબાળ પગના અંગૂઠે જમીન ખોતરી રહ્યો. ભગવાન શ્રીહરિએ માણકીને મરડી બાળક પાસે નીચા નમી કાનમાં કંઈક કહ્યું.

''તો જાઓ પ્રભુ !'' નટબાળ ભૂરિયો એટલું માંડ બોલી શક્યો. તેની આંખોમાં આંસુના પૂર ઉમટ્યા.

પછી થોડે દૂર જતાં સુરાખાચરે શ્રીજીપ્રભુને પૂછ્યું : ''મહારાજ ! એવો તો એ બાળક કેવો જે **પચાસ ગાઉની ખેપે ખેંચાઈને અહિં આવવું પડ્યું**. હેતના તો કેવા વાદળ વરસ્યા ! જાત પણ જોઈ નહિ !! વાહ કૃપાળું !! આ તે કેવી કૃપા કરી ??''

ત્યારે મર્મજ્ઞ શ્રીજીપ્રભુ બોલ્યા : ''એ હતો **પરલોકનો ગાંધર્વ**, આપણા સિદ્ધ **સંતદાસજી** સમાધિવાળા એકવાર ભૂર્-ભુવર્ વટાવી સ્વર્ગલોકમાં ગયા ત્યારે આ ગાંધર્વ સાથે મેળાપ થયેલો. સંતદાસજીએ અમારું મૃત્યુલોકનું **પ્રાગટ્ય કથન** કહેલું. ત્યારથી અમને મળવા એ તલસતો. એ ભટકતી જાતિમાં જ અવતર્યો. એમ કે સુખ-સમૃદ્ધિમાં જઈશ તો પામવાનું ચૂકી જઈશ. ભમતો રહીશ તો ક્યાંક **પરમાત્માનો મેળાપ** થશે ને એ દિવસ આવી ચડ્યો. હવે એ બહુ નહિ જીવી શકે.''

''વાહ પ્રભુ ! કેવી દયા કરી ! શી કરુણા ! સારંગીના સૂર સાથે એ **બાળહૃદય** પણ કેવું વહેતું હતું !''

આશ્ચર્યના વંટોળને હાથના હાવભાવ ને મુખના મરોડથી ઠેલતા આગળ ચાલતા આ અસવારો ક્ષિતિજમાં અદૃશ્ય થયા.

## ગાયકો - નૃત્યકોની કદર
## 'પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી'ના માધ્યમથી...

સંવત ૧૮૭૨માં મહારાણી કુશળકુંવરબાએ ભગવાન શ્રી સ્વામિનારાયણને **ધરમપુર** બોલાવીને પોતાના રાજમહેલમાં પધરામણી કરાવી ત્યારે તેમણે ભગવાન શ્રીહરિને રાજી કરવા, રાજગવૈયાઓ આગળ (તેમના દ્વારા) અર્ઘ્યરૂપે ગાન કરાવ્યું અને રાજનૃત્યકારો પાસે રાધાકૃષ્ણની લીલાને નિખારતું અભિનય-નૃત્ય કરાવ્યું. શ્રીજીમહારાજે પોતાની પ્રસન્નતા દાખવી. પછી બીજે દિવસે ભગવાન શ્રીહરિએ **પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી**ને હાથે-પગે-કેડે-કોણીએ ઘૂઘરા બાંધીને કંકુની ઢગલી પર ઊભા રહી ગાન અને નૃત્ય સાથે જ કરવાની આજ્ઞા કરી. સમુદ્રમંથનની લીલા તથા ભાગવતના પ્રસંગોને અનુરૂપ પદોનું ગાન કરતા જાય અને અભિનય નૃત્ય કરતા જાય અને કંકુની ઢગલીમાંથી પગ બોળી-બોળીને ઉચ્ચૈશ્રવા-અશ્વ, ઐરાવત-હાથી, સૂર્યનો રથ

એવા અનેક ચિત્રો રાજમહેલની શ્વેત ફરસ પર ચીતરતા જાય, ગાતા જાય, તાલ તૂટે નહિ તે મુજબ ઠેકા પગથી દેતા જાય અને છતાં ક્યાંય લય ભંગ થાય નહિ એ રીતે નૃત્ય-અભિનય શ્રીજીમહારાજ સમક્ષ કરતા જાય. આવી અદ્‌ભુત બહુવિધ કલા-અભિવ્યક્તિ જોઈને રાજગવૈયા અને રાજનૃત્યકારો આશ્ચર્ય પામ્યા અને શરમથી નીચું જોઈ ગયા.

સંગીતમય નૃત્ય પૂરું થયું એટલે ભગવાન શ્રીહરિએ અતિ પ્રસન્ન થઈ કુશળકુંવરબાને ઉદ્દેશીને કહ્યું : "આ પ્રેમસખી તો સાત મન્વંતર સુધી ગાનવિદ્યા અને સંગીત-નૃત્ય અમને રાજી કરવા માટે શીખ્યા છે. માટે એમના જેવું સંગીતકળા વડે પ્રસન્ન કરતા કોને આવડે ?" એમ કહી પોતાનો કીંમતી પોષાક પ્રેમાનંદ સ્વામીને આપીને રાજીપો દાખવ્યો. આ જોઈ રાજનૃત્યકારો - રાજગવૈયાઓએ અંદરોઅંદર ગુસપુસ કરતા કટાક્ષપૂર્ણ ટકોર કરી કે, 'સ્વામિનારાયણે જુક્તિ કરીને લોભ છતો કર્યો. દાન પણ ઘરમાં જ કર્યું.'

ભગવાન શ્રી સ્વામિનારાયણે દૂર બેઠા અંતર્યામીપણે રાજનૃત્યકારો અને રાજગવૈયાઓની ગુસપુસ જાણીને બોલ્યા : "પ્રેમસખી ! હવે આ પોષાક રાજનૃત્યકારો અને રાજગવૈયાઓને આપી દો."

ભગવાન શ્રીહરિની આજ્ઞા થઈ એટલે પ્રેમાનંદ સ્વામીએ તરત જ રાજનૃત્યકારો-ગવૈયાઓને આપવા માટે પોષાક મહારાજ સમક્ષ મૂકી દીધો. શ્રીજીમહારાજે પોષાક અને તદુપરાંત વધારામાં પોતાના આભૂષણો રાજનૃત્યકારો અને રાજગવૈયાઓને આપી રાજી કર્યા. (શ્રી સ્વામિનારાયણ સંહિતા : અધ્યાય - ૫૮ના આધારે)

## ગાયન - કળાના ગુણગ્રાહક...

સંવત ૧૮૮૦ના મહા મહિનામાં શ્રીજીમહારાજ ગઢડામાં બિરાજમાન હતા. તે સમયે શંખલપુરનો **વિજયશંકર** નામનો એક દેવી ઉપાસક બ્રાહ્મણભક્ત ભાવપૂર્વક દર્શન કરવા ભગવાન શ્રીહરિ પાસે ગઢડા સભામાં આવ્યો. શ્રીજીમહારાજના ચરણસ્પર્શની સાથે વંદન કરીને સૌ સંતો-ભક્તોની સભામાં આગળ આવીને બેઠો. ભગવાન શ્રીહરિએ તેને પ્રેમથી આવકારી પરિચય પૂછ્યો. પછી તેણે શ્રીજીમહારાજને પ્રાર્થના કરતા કહ્યું : "હે ભગવાન ! આપ આજ્ઞા આપો તો મારે માતાજીની એક ગરબી આપને ગાઈ સંભળાવવાની ઈચ્છા છે." તેનો ભાવ જોઈ મહારાજે હા પાડી. તેથી દેવીઉપાસક વિજયશંકરે તો તેના ઘેરા સાદે લલકાર્યું : 'મા તું પાવાની પટરાણી, ભવાની મા કાળકા રે લોલ, મા તારે ડુંગરડે ચડવું તે, અતિ ઘણું દોહ્યલું રે લોલ...'

આ ગરબો તેણે આખો પૂરો કર્યો ત્યારે એના હલક, રાગ, ઢાળ અને દેવી પ્રત્યેના મહિમાભર્યા ભક્તિભાવથી પ્રસન્ન થઈ શ્રીજીમહારાજે તેને **શિરપાવ** આપ્યો. તે બ્રાહ્મણ વિજયશંકર તો રાજીનો રેડ થઈને પગે લાગીને ચાલતો થયો.

## ભગવાન શ્રીહરિએ ઢોલ-ત્રાંસા વગાડનાર યવનોને પણ પહેરેલા આભૂષણોના દાન આપ્યા...

સંવત ૧૮૭૩માં શ્રીજીમહારાજ વડતાલમાં **ફૂલદોલોત્સવ** કરવા પધાર્યા હતા. તે એક સમયે **ઢોલ** ને **ત્રાંસા** વાગતા સાંભળ્યા. તેથી ભગવાન શ્રીહરિએ પૂછ્યું : "આ કોણ વગાડે છે ?"

ત્યારે સેવકે કહ્યું : "મહારાજ ! અમદાવાદના ભક્તો આ ઢોલ-ત્રાંસાં વગાડનારા લાવ્યા છે. તે બધા યવન છે."

શ્રીજીમહારાજે તરત જ કહ્યું : "હિંદુ, મુસલમાન એ બધામાં **જે આત્મા છે તેને કોઈ ન્યાત-જાત નથી.** તે ભક્તિના રંગે રંગાયા હોય તો તેનું કલ્યાણ થઈ જાય." એમ કહીને બોલ્યા : "તેમને અહીં બોલાવો."

તે આઠેય જણા શ્રીજીમહારાજ પાસે આવ્યા અને મહારાજ સન્મુખ ઢોલ-ત્રાંસા વગાડવા લાગ્યા. ભગવાન શ્રીહરિ પ્રસન્ન થયા. પછી બોલ્યા : "દિલથી વગાડે છે એટલે તેમના અંતર રંગાયા છે." એમ કહીને ઢોલ વગાડનારને પોતે ગળામાં **સોનાનો દોરો** પહેર્યો હતો તે આપી દીધો. પછી ત્રાંસા વગાડનાર છોકરાને હાથે પહેરેલ **બાજુ** આપી દીધો. આમ, ભગવાન શ્રીહરિએ વડતાલમાં ઢોલ-ત્રાંસા વગાડનારાઓ ઉપર પોતાનો **રાજીપો** દાખવ્યો હતો.

## આદરજમાં ભગવાન શ્રીહરિએ ભજન-મંડળીને મોજ આપી...

એકવખત શ્રીજીમહારાજ ઉત્તર ગુજરાતના **આદરજ**માં ગામ બહાર વિશાળ જગ્યામાં સભા કરીને બિરાજમાન હતા. એવામાં રતુ ખાંટ એની કોળીમંડળી લઈ આવીને સભાને કાંઠે ઊભો રહ્યો. શ્રીજીમહારાજે તેમને જોયા એટલે હરિભક્તોને સંબોધીને કહ્યું : "પેલી મંડળીને મારગ કરી આપો." સૌ હરિભક્તોએ તરત મારગ કરી આપ્યો. આખી મંડળીના સભ્યો વારાફરતી પગે લાગીને ભગવાન શ્રીહરિ સમક્ષ ઊભા રહ્યા.

પછી રતુ ખાંટે કહ્યું : "મહારાજ ! આજ્ઞા આપો તો અમારી ભજનની અને નૃત્યની રમત દેખાડીએ." તરત જ શ્રીજીમહારાજે સાન કરીને સૌ સભાજનોને થોડા આઘા કર્યા. વચ્ચે ચોક કરી આપીને, રજા આપી. આખી મંડળીના બધા જ સભ્યો ગેલમાં આવી ફેર-ફુદરડી ગરબા-ગરબીની ગ્રામીણ લઢણની નૃત્યની રમત કરતા તેમના દેશી રાગ-ઢાળના લોકભજન ગાવા લાગ્યા. પછી તેની ભજન અને નૃત્યની રમત પૂરી થઈ એટલે શ્રીજીમહારાજે રાજી થઈ તે મંડળીને **શિરપાવ** આપ્યો.

## જૂનાગઢમાં શ્રીજીમહારાજે ત્રાંસા બજાવનાર મુસ્લિમ-મીર ઉપર અદ્‌ભુત મહેર કરી...

સંવત ૧૮૮૪માં જૂનાગઢમાં **શિખરબધ્ધ મંદિર** તૈયાર થયું ત્યારે **પ્રતિષ્ઠા** કરવા માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ પધારી રહ્યા છે. તેથી સૌ હરિભક્તોએ વિચાર્યું કે, શ્રીજીમહારાજનું **ભવ્ય સ્વાગત** કરીને જૂનાગઢના રાજમાર્ગો પર અદમ્ય **શોભાયાત્રા** કાઢવી. અને તે સવારીમાં રંગ તો જ જામે જો મીરના હાથે **ત્રાંબાળું** ગડગડે. દ્વેષી નાગરોની દ્વેષવૃત્તિ અહીં પણ નડી. 'સ્વામિનારાયણની સવારીમાં કોઈ ઢોલ-ત્રાંસા-શરણાઈ વગાડવા ન આવે' એવો **'વટહુકમ'** પસાર કર્યો. દીવાની નાગરોના હાથમાં હતી અને સાથે જ નવાબીના નૂર સુરા-સુંદરી ને કાવા-કસૂંબાએ હરી લીધા હતા. એટલે જૂનાગઢી ભક્તોના હાથ ટૂંકા પડ્યા.

જૂનાગઢના મીરોએ આજુબાજુના **ગામ-કસબાઓ**માં પણ રાજનો આ વટહુકમ જણાવી દીધો હતો. દરબાર ગગાભાઈ ઘોડી લઈને બધે ફરી વળ્યા. પણ બધાએ સામૈયામાં આવવાની ના કહી. છેવટે મઘરિયે કસબે ગયા. આ કસબો જૂનાગઢથી બે-એક ગાઉ દૂર હતો. ત્યાંનાં રહેવાસી મીરો આજુબાજુના ગામમાં ત્રાંસા-શરણાઈ વગાડીને ગુજરાન ચલાવતા હતા. તેઓને 'જમીનની જાજમ ને આકાશની ઓઢણી' આવી પરિસ્થિતિ હતી. ગગાભાઈએ બધા મીરોને ભેગા કરી સામૈયું શોભાડવા વિનંતી કરી. ત્યારે નાતનો વડો કહે : ''બાપુ ! તમારી વાત સો ટચની છે પણ અમારા પગ નો ઊપડે. અમારી મીરની નાત, ઈ શહેરના મીર સાથે અમારે વૈર બાંધવું પડે. પછી અમારે રહેવું ક્યાં ?''

દરબાર ગગાભાઈએ ખૂબ વિનવ્યા અને કહ્યું : ''સ્વામિનારાયણ **ખુદાતાલા** છે. એમની રહેમ નજર તમારા પર પડશે તો ભાગ્ય ખૂલી જશે.'' બધા કસબાઓમાંથી જાકારો મળ્યો હતો તેમ મઘરિયો કસબો પણ રુઠ્યો હતો. ગગાભાઈ ભારે હૈયે ઘોડીએ અસવાર થયા, એમની આંખોના ખૂણા ભીંજાઈ ગયા હતા.

મીર સૌ ટોળે વળીને બેઠા હતા એમાં એક **લંગડો મીર** બેઠેલો. ગગાભાઈની નમ્રતા, સૌમ્ય વેશ અને ખુદાતાલા સ્વામિનારાયણ વિષેની એમની નિષ્ઠા વગેરે એણે જોયું ને અનુભવ્યું. એ લંગડા મીરના અંતરમાં જાણે વીજ ઝબૂકી ગઈ ! ભીતરનો નાદ જાણે આવતો હતો કે, તું જા ને ત્રાંસું વગાડ.

હજુ તો દરબાર પેંગડે પગ દઈ રહ્યા છે કે લંગડો મીર ઝટ ઊભો થયો, તે ખોડંગાતો આવ્યો. ઘોડીની સરક ઝાલીને કહ્યું : ''બાપુ ! હું આવીશ, કંઈ જ ચિંતા કરશો નહીં.''

લંગડા મીરની વાત સાંભળી બધા અંદરોઅંદર ગૂસપૂસ કરવા લાગ્યા ને મીર જ્ઞાતિના મોવડીએ સત્તાના જોરે ત્રાડ પાડીને કહ્યું : ''એય લંગડા ! વાંઢો રહી જઈશ. નાતમાં રહેવું છે કે પછી....?''

'ખુદાતાલાની મરજી હશે તેમ થશે. અને નહીં પરણું તો એમાં પણ સ્વામિનારાયણ ખુદાતાલાની કંઈક રહેમ હશે. બાકી હું તો ત્યાં જવાનો.'

''હા, ભઈ ! હા, જા. તને સ્વામિનારાયણ મોટી પાઘ બંધાવશે, સરપાવ આપશે. જા ઝટ જા.'' ટોળામાં કોઈએ કટાક્ષ કરતા કહ્યું.

''મારે કોઈ એવી લાલચ નથી. એ ખુદા છે, એટલું જ મારે મન બસ છે. મારા પર મીઠી નજર તો કરશે ને !'' લંગડા મીરે પેલા કટાક્ષ કરનારને પ્રત્યુત્તર આપ્યો.

પછી લંગડો મીર દરબાર ગગાભાઈની સાથે તેમના જ ઘોડા ઉપર પોતાનું ત્રાંસું લઈને જૂનાગઢ પહોંચી ગયો. જૂનાગઢના રાજમાર્ગ પર શોભાયાત્રા શોભી રહી છે. તાલ અને સૂરમાં ટણણણન્ તન્ ધન્ ધણણણન્ ઢીંબાગ...ના બુલંદ નાદ સાથે એકલો લંગડો મીર સામૈયાના મોખરે બેઉ હાથમાં દાંડી લઈ એવું ત્રાસું વગાડે છે કે જાણે એક સાથે એકાવન ત્રાસા ગડેડી રહ્યા ન હોય ! મીર વાતાવરણને અલગ ઓપ આપી રહ્યો છે. જૂનાગઢની શેરીઓ આજે ભગવાન શ્રીહરિને નીરખવા, વધાવવા અધીરી બની છે. માણકી ઘોડી બાજી, લંગૂરી, ઠેંક, કમાલ જેવી ચાલ બદલતી અનેકના અંતરને આકર્ષે છે. અને એવામાં શ્રીજીમહારાજની ને મીરની ચાર આંખો એક થઈ. સાને કરીને પાંપણના પલકારે મહાપ્રભુ શ્રીહરિએ આ લંગડા મીરને ઝકડીને બાંધી દીધો.

''ઓહ પરવર દિગાર ! શું તમારું રૂપ છે ! શું આંખોમાં તેજ છે ! બસ, પીતો જ રહું, એ અમીમાં સ્નાન કરતો જ રહું...'' મીરનું હૈયું શબ્દો દ્વારા છલકી પડ્યું.

શોભાયાત્રા મંદિર પાસે વિરામ પામી. વિરોધીઓના વંટોળો વરાળ બની ઊડી ગયા. સર્વત્ર **'શ્રી સ્વામિનારાયણ ભગવાન'નો જય જયકાર** થઈ રહ્યો છે.

શ્રીજીમહારાજે નાજા જોગિયાને કહી લંગડા મીરને દરબારમાં બોલાવ્યો. મહાપ્રભુ શ્રીહરિને આજે પ્રેમના પૂર વહાવવાં હતા. મીર આવ્યો તે સાથે જ શ્રીજીમહારાજે સૌના આશ્ચર્ય વચ્ચે પોતે ધારણ કરેલી સોનેરી તારવાળી **કીંમતી પાઘ** ભગવાન શ્રીહરિએ જાતે મીરના માથે મૂકી દીધી !! સેવકો, કાઠી-દરબારો, 'હાં...હાં...' કરતા રહ્યા ને કૃપાનિધાન શ્રીહરિ એક ઊતરતી જાતિના, ગરીબ મુસ્લિમને પોતાની કરુણાથી દીપાવી રહ્યા. અને કહેવા લાગ્યા : ''મીર ! તારા પર અમારી પ્રસન્નતા આજ વરસી ગઈ, કારણ કે તે લોકલાજ, નાતની લાજ અને દીવાનની દબાવણી - આ બધાનો ત્યાગ કરી ત્રાંસા વગાડ્યાં છે ! ધન્ય છે તને !'' એટલું બોલતા જ અંતર્યામી ભગવાન શ્રીહરિની આંખોના ખૂણા ભીંજાઈ ગયા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ **ખુદાતાલા**નો આવો રાજીપો જોઈ મીર પણ ગદ્‌ગદિત થઈ ગયો. તેના હૈયે ભક્તિના પૂર ઊમટ્યાં. તે શ્રીજીમહારાજના ચરણોમાં પડી બોલ્યો :

''યા અલ્લા પરવર દિગાર ! નિગાહ રખજો. આપ તો સાક્ષાત્ ખુદા છો એટલે બધું જાણો છો. છતાં કહું છું કે બાઈઓને જોઈને મારા દિલમાં ભૂંડો વિચાર થયો હશે, પણ મહારાજ ! હજુ સુધી હું દેહે કરીને ભ્રષ્ટ નથી થયો. મારી આટલી મુરાદ સુણજો પ્રભુ !''

લંગડા મીરનો આવો **નિષ્કપટભાવ** જોઈ દયાળુ શ્રીહરિ અઢળક ઢળી પડ્યા. ભગવાન શ્રીહરિને થયું કે 'આને હું શું આપી દઉં ?' એ વિચારમાં ને વિચારમાં શ્રીજીમહારાજ મીરને પ્રસન્નતાથી ભેટી પડ્યા. મહારાજના **શ્રીમુખમાંથી શબ્દો** સરી પડ્યા : ''મીર ! હવે તને એવા ભૂંડા ઘાટ પણ નહીં થાય અને તારા અંતકાળે અમે આવીને તને અમારા **અક્ષરધામ**માં તેડી જઈશું.''

## કીર્તન-ભક્તિ કરતાં શિવદાન બારોટને અણમોલ શિરપાવ - અણમોલ ભેટ...

ભાવનગરના રાજા વજેસિંહના દરબારમાં ભાટ-ચારણોની બિરદાવળિયું બોલાઈ રહી હતી. એક બારોટ ઊભા થયા. રાજાને નમન કર્યું. એમના કપાળમાં તિલક-ચાંદલો શોભે છે. રાજા એને નખશિખ નિહાળી રહ્યા. એ બારોટ હતા **બોટાદના શિવદાનભાઈ.** તેઓને ભગવાન શ્રી સ્વામિનારાયણના સત્સંગનો રંગ તો રુંવે રુંવે ચઢી ગયો હતો.

સભા આખી તેમના તરફ મીટ માંડી રહી હતી. હમણાં સરસ્વતી રેલશે અને રાજા એના પર ઓળઘોળ થઈ જશે. એવી આશા બધાના મોં પર ઝળૂંબી રહી હતી.

પછી વજેસિંહ દરબારથી ન રહેવાયું એટલે પૂછ્યું : ''બોલો, શિવદાન ! શી **રચના** છે ?''

દરબારને વંદન કરી શિવદાને મહાપ્રભુ **શ્રીહરિની સ્તુતિ** લલકારી :

**'નમું સચરાચરમાં અકળ વિહારી અજ અવિકારી અવતારી,**
**નરનાટ્ય ધર્યું ધરણી પર આવી ઉગારવાને નરનારી;**
**જૈ જૈ કર્યો અરિદળને મારી નિજજનના દોષો સંહારી, અરે**
**! રાય-રંક પણ જાય તરી, મુખ સ્વામિનારાયણ ઉચ્ચારી.'**

શિવદાનભાઈની સ્તુતિ સાંભળી સૌના મન મલક્યાં. કારણ કે, આ સ્તુતિ કોઈ પાર્થિવ નૃપની નહોતી. એ હતી પોતાના જીવનપ્રાણ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની !!

દરબારની મદ-આંજી આંખો શિવદાન પર મંડાણી. તેમના હૈયામાં **કારમો ઘા** લાગ્યો. વજેસિંહ મનોમન સમસમી ઊઠ્યા. પરંતુ શું કરે ! રાજવીની રીતે આંગણે આવેલાને જલદી જાકારો તો કેમ દેવાય ??

બિરદાવલી પૂર્ણ થઈ. દરબાર ભાટ-ચારણોને શિરપાવ દેવા લાગ્યા અને સૌ ભલકારા દેતા દરબારને **'ખમ્મા ખમ્મા'** કરી રહ્યા. પંક્તિમાં બધાની સાથે શિવદાનભાઈ પણ શિરપાવ લેવા જોડાયા. દરબારે તેમને જુદા તારવીને ઠાવકાઈથી કહ્યું : ''બારોટ ! તમને શિરપાવ તો **સ્વામિનારાયણ** આપશે ત્યાં જાવ ! અહીં ભૂલા કાં પડ્યાં !''

ત્યારે શિવદાનભાઈ કહે : ''ઠાકોર ! ભગવાન શ્રી સ્વામિનારાયણનો **શિરપાવ** તો બહુ મોટો છે. આ લોકની વસ્તુ તો કોઈ આપી શકે, પણ એમની પાસેથી મને **અક્ષરધામનો શિરપાવ** તો ક્યારનોય મળી ચૂક્યો છે.''

નમણાં છતાં ભક્તિભર્યાં વેણ સાંભળી સભા આખી દંગ રહી ગઈ.

શિવદાનભાઈ પુનઃ પોતાની વાત આગળ વધારતા કહે : ''અને બાપુ ! જીવ-પ્રાણીમાત્રના અન્નદાતા એક જ હોય, બે ન હોય, સમજ્યા !'' એમ કહી **શીઘ્ર કવિત** લલકાર્યું :

**'જય જગના ત્રાતા જનસુખદાતા ભાગ્યવિધાતા અન્નદાતા,**
**તવ મહિમા ગાતા શારદ માતા શેષ મુંઝાતા પરખાતા;**
**કોઈ રાય ફુલાતા ખત્તા ખાતા આંખ મીંચાતાં જલજાતા,**
**અક્ષરવરદાતા ! સો સો માથાં અરપું તમને હરખાતા.'**

શબ્દે શબ્દે ભરેલો શ્રીજીમહારાજ પ્રત્યેનો અહોભાવનો રણકો દરબારનું કાળજું કોરી રહ્યો. વજેસિંહ બાપુ બોલ્યા : ''બારોટ ! જો સ્વામિનારાયણ જ તારા અન્નદાતા હોય, તો અહીં સુધી લાંબો શીદ થયો ?''

શિવદાનભાઈ જાણતા હતા કે, રાજા સંગાથે બહુ વિવાદમાં ન ઊતરવું એટલે ત્યાંથી મૂક વદને ચાલી નીસર્યા. શ્રીજીમહારાજને શોધતા-ખોળતા બોટાદના રસ્તે વળ્યા. વચ્ચે સારંગપુર રાત રોકાઈ જવા વિચાર્યું... અને આશ્ચર્ય !

ભગવાન શ્રીહરિ **સારંગપુર**માં જીવાખાચરના દરબારમાં જ સભા ભરીને બિરાજમાન હતા ! સાંજનો સમય હતો. શિવદાન બારોટે શ્રીજીમહારાજને સાષ્ટાંગ પ્રણામ કરી સભામાં પોતાનું સ્થાન લીધું. ભગવાન શ્રીહરિના દર્શનથી તેઓનું હૈયું હળવું થયું. પરંતુ દરબાર વજેસિંહે મારેલું મેણું કેમેય વિસરાતું નહોતું. બારોટે રાઠોડ ધાધલને ઘેર ઉતારો કર્યો હતો.

રાત ઢળી. ભગવાન શ્રીહરિની મૂર્તિમાં બારોટનું મન મધકટોરે માખી ડૂબે એમ ડૂબી ગયું હતું. તેઓ પથારીમાં પડ્યા, કેમેય ઊંઘ નથી આવતી. અર્ધી રાતે ઊઠ્યા. હાથમાં **સરોદો** લીધો, અને એક પછી એક **કીર્તન** રચી રચીને લલકારવા લાગ્યા. એમના શબ્દે શબ્દે **લાખેણો ભાવ** ભર્યો હતો. પદે પદે **મહિમા** છલકાતો હતો.

જીવાખાચરના દરબારમાં **ભગવાન શ્રીહરિ** પોઢવા પધાર્યા હતા. શ્રીજીમહારાજ પણ સુંવાળી સેજ-પલંગમાં ઊંઘી ન શક્યા. પલંગ છોડીને ઊભા થયા. રાઠોડ ધાધલના ફળિયે ગયા. ભીંત સાથે કાન ટેકવી સુણતા રહ્યા. નીરવ શાંતિમાં એક ભક્તના **ભાવ** રેલાઈ રહ્યા હતા અને શ્રીજીમહારાજ એને માણી રહ્યા હતા !

મુકુંદ બ્રહ્મચારી જાગ્યા ને જોયું : ''અરે, મહારાજ ક્યાં !''

એમને ફાળ પડી. આંખો ફાટી ગઈ, નાજા જોગિયાને જગાડ્યા. શોધખોળ શરુ કરી. જોતા જણાયું કે 'રાઠોડ ધાધલના ફળિયે સરોદો ગુંજી રહ્યો છે... મહારાજની મૂર્તિના પદો રેલાઈ રહ્યા છે.' તેની પછવાડે તપાસતા પાછળના વંડે ભગવાન શ્રીહરિ હેતની બિરદાવળિયુંમાં ખોવાઈ ગયા છે!

"અરે, મહારાજ! આમ તે હોય! આ જુઓ તો ખરા! શરીર ઉઘાડું છે. પાય ઉઘાડા છે. પાછલી રાતનો ઠાર પડે છે કંઈક તો ગણકારો."

શ્રીજીમહારાજનું ધ્યાન વિચલિત થયું. અને કહ્યું : "અહોહો, તમે નાજા! આવી ગયા, ઠીક થયું. જલદી જાવ. આપણો રોઝો શણગારીને લેતા આવો. બધા જ શણગાર સજજો. પગમાં સોનાના તોડા ને ઝાંઝર પહેરાવજો. ડોકમાં સોનાની ઘૂઘરમાળ બાંધજો. કપાળે દામણી પણ લટકાવજો અને પીઠ પર હીરના પલાણ મૂકજો..."

નાજા જોગિયાને થયું આજે મહારાજને ક્યાંક રજવાડે જવાનું આમંત્રણ હશે કે શું? એ તો ગયા ને **રોઝો ઘોડો** શણગારીને લાવ્યા.

બ્રહ્મચારી તો આ બધું જોઈ જ રહ્યા છે. ક્યાં જવાનું છે, શી તૈયારી કરવાની છે, કંઈ જ આદેશ નહીં!! શ્રીજીમહારાજની આવી તાકીદની ઉતાવળ હોય ત્યારે સેવક બ્રહ્મચારી કંઈ વધુ બોલી શકતા નહીં. બ્રહ્મચારી મૌન છે. સરોદો વાગે છે. કીર્તનની રસધારા રેલાય છે. નિમીલિત નયને ભગવાન શ્રીહરિ હજુ સાંભળી રહ્યા છે.

નાજા જોગિયા રોઝો ઘોડો શણગારીને લાવ્યા. પછી શ્રીજીમહારાજ કહે : "હવે અમારો પોષાક લાવો, જોજો વીંટી સરખુંય ઘરેણું ચૂકશો નહીં. અરે, બ્રહ્મચારી! તમે જાવ સાથે.... હમણાં જ સુરતના ભક્તો સાચી જરીના પોષાક લાવ્યા છે તે લઈ આવો. મોતીમઢી-મારવાડી મોજડિયું પણ લાવજો અને હીરકોરી બોકાનિયું પણ લેતા આવજો."

છ ફૂટ ઊંચો દેવાંશી ઘોડો, વગર શણગારે પણ રાજા-મહારાજાની આંખો ઠારતો. જ્યારે સોનું ૧૫ રૂપિયે તોલો મળતું એ જમાનામાં આ રોઝા ઘોડાનું મૂલ્ય એક હજાર રૂપિયા હતું! આવો **અમૂલખ ઘોડો** જોવા લોકો ટોળે વળતા. કાઠી-દરબારો એની મોંઘી માવજત કરતા.

વહેલી સવારે જીવાખાચરના દરબારમાં ચહલપહલ મચી ગઈ. નાજા જોગિયાએ જીવાખાચરને જગાડ્યા. બધા શ્રીજીમહારાજ પાસે ટોળે વળ્યા. ભગવાન શ્રીહરિ ઉઘાડે અંગે ઊભા છે. બ્રહ્મચારી મહારાજના શણગાર ઝાલીને ઊભા છે. કંઈક બની રહ્યું છે, પણ કોઈ પૂછી શકતું નથી.

જીવાખાચર આગળ આવ્યા, હાથ જોડી વંદન કરી મહારાજને પૂછ્યું : "મહારાજ! કઈ બાજુ સિધાવવું છે!"

ભગવાન શ્રીહરિ હસતાં હસતાં કહે : "અહીં જ છીએ, ક્યાંય નથી જવું. આ ધાધલને ત્યાં બારોટ છે તેને બોલાવો."

શિવદાનની આંગળીઓ સરોદા પર રમતી હતી. આંખો બંધ હતી. કંઠમાં વેદનાના સૂર વહેતા હતા. જીવાખાચર તેની પાસે ગયા ને તેઓ પણ ઘડીભર ઊભા રહ્યા. પછી ધીમે રહીને કહ્યું : "ભગત! મહારાજ બોલાવે છે."

શિવદાન તો **'મહારાજ!...'** કહેતાંક ઝટ ઊભા થઈને બહાર દોડી આવ્યા.

ત્યાં તો દરબારગઢનું ફળિયું આખું ભરચક દીઠું. ઉઘાડા અંગે પણ ભગવાન શ્રીહરિ અછતા ન રહ્યા. બારોટ મહારાજના ચરણમાં ઢળી પડ્યા. શ્રીજીમહારાજ તેમને ભેટી પડ્યા ને રાજીપો દર્શાવ્યો અને કહ્યું : "શિવદાન! અમારાથી શું અજાણ્યું હોય! લો, ઝટ કરો, તમારે હમણાં જ **ભાવનગર** પાછાં જવાનું છે."

બારોટ હજુ કંઈ બોલે તે પહેલા તો ભગવાન શ્રીહરિએ આંખના ઈશારે નાજા જોગિયાને નજીક બોલાવ્યા. એમના હાથમાં ઘોડાની લગામ હતી તે મહારાજે હાથમાં લીધી. બ્રહ્મચારીને એમ કે ઘોડા પર મહારાજ આમ જ બિરાજી જશે કે શું? તેથી જલદી આગળ આવ્યા ને શણગાર ને વસ્ત્રો મહારાજની સામે ધર્યા.

ત્યારે શ્રીજીમહારાજ કહે : "બારોટ! આ લો, તમારા વસ્ત્રો બદલી નાખો. આ **સુરવાળ** ને જરકશી **જામો** પહેરો. માથે આ મોઘું **મંડીલ** બાંધો. ગળામાં ને હાથમાં **સોનાના અલંકાર** પહેરો... ને લો આ **મોજડી** પણ પહેરો." સેવક બ્રહ્મચારી 'પણ... પણ...' કરતા રહ્યા ને શ્રીજીમહારાજ શિવદાન બારોટને જાતે વસ્ત્ર-અલંકાર પહેરાવવા લાગ્યા.

વસ્ત્રો પહેરાવવીને જેવા શિવદાન તૈયાર થયા કે ભગવાન શ્રીહરિએ નાજા જોગિયાના હાથમાંથી રોઝા ઘોડાની લગામ લીધી, ને ઝટ દઈ બારોટના હાથમાં મૂકી 'કૃષ્ણાર્પણ' કરી દીધું. કાઠી-દરબારો કહે : 'હાં... હાં.. મહારાજ! આ શું કર્યું?'

"શિરપાવ દીધો." શ્રીજીમહારાજે મંદહાસ્ય કરતા કહ્યું.

ત્યારે જીવાખાચર થોથરાતી જીભે બોલ્યા : "મહારાજ! આ ઘોડો દેવાંશી છે, દયાળુ! આ કેવળ આપના માટે જ છે. એની જ પીઠ પર બીજો ન શોભે."

ભગવાન શ્રીહરિ હસતાં હસતાં કહે : "અમારા શણગાર આ બારોટના અંગ પર પહેરાવી દીધા તેમાં અમે આવી ગયા ને!"

શિવદાન બારોટ એ લાખેણા અલંકારોથી મઢ્યા રોઝા ઘોડા પર આરૂઢ થયા. હજુ શ્રીજીમહારાજે ઘોડાનું ચોકઠું પકડ્યું હતું. બારોટને વિદાય આપતા શ્રીજીમહારાજે કહ્યું : "ભગત! વજેસિંહ ઠાકોરને કહેજો કે અમે આપેલા શિરપાવમાં કંઈ ઓછું તો નથી રહ્યું ને?" શિવદાન બારોટ આ સાંભળી શ્રીજીમહારાજ પર વારી ગયા. એમની આંખોના ખૂણા ભીંજાઈ ગયા.

ઘોડો પણ જાતવાન હતો. એ અસવારને ઓળખી ગયો. શ્રીજીમહારાજની મંશા પામી ગયો હોય તેમ અસવારને

લઈ દખણાદિ દિશામાં ઘોડો હાવળ્યું દેવા લાગ્યો અને પલકારામાં તો અસવારને લઈ જાણે ઊડ્યો ! ને જોતજોતામાં ક્ષિતિજ પર રમવા માંડ્યો.


અઢારસો પાદરના ધણી ભાવનગર ઠાકોર **વજેસિંહ** દરબાર ભરીને બેઠા છે. એવામાં દેવાંશી ઘોડા માથે દેવ જેવા રાજવીએ આંગણે પગ દીધો. આ જોઈ વજેસિંહ ઠાકોર સિંહાસન પરથી જરિયાની ઝાંય ઝાટકતાં ઊભા થઈ ગયા. આગંતુકના તેજ પાસે એમનું તેજ ઝાંખી પડી ગયું. આવા સમ્રાટનું પદાર્પણ પોતાના ખોબા જેવા આંગણે ક્યાંથી ! એ વિચારમાં અઢારસો પાદરનો ધણી રાજવટનો અહમ્ મૂકી દોડ્યા. શિવદાન બારોટે તરત પેંગડું છાંડતાંક ઠાકોરને સામે નમસ્કાર કરી **'જય સ્વામિનારાયણ'** કહ્યા. તેમને વજેસિંહે ઓળખ્યા ને કહ્યું : ''અહો, આ તો શિવદાન બારોટ !''

બારોટે કહ્યું : ''બાપુ ! મારા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ શિરપાવ આપ્યો છે. આમાં કંઈ ઓછું તો નથી ને !''

દરબાર તો એને જોઈ જ રહ્યા અને કહ્યું : ''સ્વામિનારાયણ તો ભઈ, ભગવાન કહેવાય. એમના શિરપાવમાં ઓછું શું હોય ! એમને મળો ત્યારે મારા વંદન કહેજો, ને કહેજો કે અમારાથી મદમાં કંઈ બોલાઈ ગયું હોય તો ક્ષમા કરે.''

આજ વજેસિંહ ઠાકોરનો ગર્વ ઓગળી ગયો હતો. તેઓ શિવદાનને ભેટી પડ્યા ને કહ્યું : ''તમે ભગત સાચા. આવા **મોંઘામૂલાં આભૂષણ** ને પૃથ્વીપેટે શોધ્યો ન જડે એવો **અણમોલ અશ્વ** તમને એક ગરીબ બારોટને કૃષ્ણાર્પણ કરતા શ્રીજીમહારાજને સંકોચ નથી થયો ! વાહ, પ્રભુ !'' એમ કહેતા ફાટી આંખે ઠાકોર ભગવાન શ્રીહરિની વિરાટ પ્રતિભાને વંદી રહ્યા.

ઉપરોક્ત પ્રસંગોની **પરંપરા** આજ પર્યંત ભગવાન શ્રીહરિના વંશજ આચાર્ય પરંપરામાં **તાદશ્ય** થાય છે. ડીસેમ્બર - ૨૦૧૩માં જૂનાગઢને આંગણે ઉજવાયેલ આંતરરાષ્ટ્રીય દ્વિતીય ચરણ **'શ્રી સ્વામિનારાયણ ૭૩૦ કરોડ મહામંત્ર મહોત્સવ'**માં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **૧૩ વર્ષીય** બાળકલાકારે **૧૦૮ હિન્દુસ્તાની શાસ્ત્રીય રાગોમાં 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્ર**ની **નોનસ્ટોપ ધૂન**નું **ગાન** કર્યું. એ **બાળકલાકાર** બીજું કોઈ નહિ, પરંતુ ઝીટીવી પ્રસ્તુત 'સારેગમપ લીટલ ચેમ્પ'ના રનરઅપ બાળભક્ત **શ્રી સ્વરિત શુક્લ..!!** આ બાળકલાકારે પોતાની અનોખી છટામાં નોનસ્ટોપ ૧૦૮ રાગમાં મહામંત્ર ધૂન આલાપતા-આલાપતા જ્યારે રાત્રિના ૧૨.૦૦ કલાકે છેલ્લા રાગની પૂર્ણાહુતિ કરી એ જ વખતે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના **ભાવિઆચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રી**એ પોતાના આસન પરથી ઊભા થઈને પોતાના કંઠમાં ધારણ કરેલ **સુવર્ણની ઊતરી** એ બાળકલાકારને પહેરાવી દીધી અને ભાવથી તેમને ભેટ્યા હતા. આ પ્રસંગે શ્રીજીમહારાજને રાજી કરવા માટે **પીપળી ગામ**માં સારંગી પર તાન છેડતાં એમના સમકાલીન - **ભટુરીયા બાળક**ની યાદ આ બાળકલાકારે સૌને અપાવી હતી...!!!





## સરધારધામમાં યોજાયો કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી અને હાસ્ય પ્રતિભાનો

# રત્નાકર સન્માન સમારોહ - ૨૦૧૪

ચૈત્ર માસની શરૂઆત થાય એટલે આખાય ગુજરાતમાં કથા-પારાયણોની હેલી મંડાય. વાતાવરણમાં પ્રભુભક્તિની ભીનાશ ભળે. ભક્તના હૃદયરૂપી મોરલો ગહેકી ઊઠે. કથા-પારાયણોમાં રાત્રિ કાર્યક્રમોના પણ આયોજનો થાય અને આપણા લોકસાહિત્યકારો તથા હાસ્યકલાકારો પોતાની અદ્‌ભુત કલાથી રજોગુણી જીવડાઓને પણ પોતાના તરફ આકર્ષી લે અને ભજનીકો તથા કીર્તન ગાયકો પોતાની વિશિષ્ટ ગાયનકલાથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દે અને દિવસ દરમ્યાન શુદ્ધ ચારિત્ર્યવાન વક્તાશ્રીઓના મુખકમળથી વહેતી પ્રભુકથા સાંભળવાની જીજ્ઞાસા જગાડે અને ત્યારબાદ અતિ ઉત્કંઠાથી હરિરસનું પાન કરીને પતિત જીવો પણ પાવન કરી દે...!!

દર વર્ષની જેમ આ વર્ષે પણ આવી કથા-પારાયણોની હેલી મંડાણી, અનેક લોકસાહિત્ય અને ભજન-સંતવાણીના કાર્યક્રમો પણ યોજાયા. અનેક કલાકારોને દર વર્ષની જેમ આ વર્ષે પણ પરસ્પર મળવાનું થયું. પરંતુ આ વખતે એ કલાકારોના જાહેર કાર્યક્રમો બાદ પોતાના ઉતારે થતા ખાનગી ડાયરાઓમાં અને મુસાફરી દરમ્યાનની હળવી પળોમાં પરસ્પર એક જ ચર્ચા થતી હતી કે, સરધારધામને આંગણે સંપ્રદાયના વડા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતોના સાંનિધ્યમાં સૌપ્રથમવાર મારી કલાને પવિત્ર કરવાનું આમંત્રણ મને મળ્યું છે તમને મળ્યું છે કે નહિ ? સામે પ્રત્યુત્તરમાં સૌ ગર્વથી કહેતા કે, હા..હા.. અમને પણ આમંત્રણ મળ્યું છે.

વાત એમ હતી કે, પૂ. સદ્‌ગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના નિર્મળ અંતઃકરણમાં એક વિચાર હતો કે, જેમણે પોતાની કલાથી આપણી સંસ્કૃતિ પશ્ચિમી વાયરાના ઝપટમાં ન આવી જાય એ માટે રાત્રિ-દિવસ એક કરીને ગામડે-ગામડે ફરીને પોતાની **'ઈશ્વર દેણ કે ખુદાબક્ષ' કલાથી** આપણા સાંસ્કૃતિક વારસાને જીવંત રાખ્યો છે એવી ઉમદા પ્રતિભાઓની કદર કરવી. સાહિત્ય-સંગીત અને કલા પોષક સર્વાવતારી ઈષ્ટદેવ **ભગવાન શ્રી સ્વામિનારાયણે** પણ ભારતીય સંસ્કૃતિને જાળવવા માટે આવા કેટલાય રત્નાકરોને ખૂબ માન-સન્માન સાથે અનેકવાર બિરદાવ્યા છે અને એવા કેટલાય પ્રસંગો સાંપ્રદાયિક ગ્રંથોમાં કંડારાયા છે. એ જ પરંપરાને જાળવવા માટે **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન - વડતાલ** વતી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે **શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા તા. ૧૯-૪-૨૦૧૪**ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં પૂ. સંતો-

મહંતોની પાવન નિશ્રામાં અને વિશાળ જનમેદનીની ઉપસ્થિતિમાં કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી અને હાસ્ય પ્રતિભાનો 'રત્નાકર સન્માન સમારોહ'નું **ભવ્ય આયોજન** કરવામાં આવ્યું.

ગુર્જરગીરાના કેટલાય કવિઓ, લેખકો, સંગીતકારો અને સાહિત્યકારોની કલાને સુયોગ્ય કદર દ્વારા સજ્જનોએ યથાશક્ય સત્કારી છે. તેમ છતાં ભારતીય સંસ્કૃતિના ઊંડા આદર્શોને જન સામાન્ય સુધી પહોંચાડી સંસ્કૃતિની ધરોહરને નવપલ્લવિત રાખવા માટે જેમણે અથાગ પરિશ્રમ કર્યો છે એવા ચાર વરિષ્ઠ કલાકારોના નામ આ વર્ષના 'રત્નાકર' પુરસ્કાર માટે નક્કી થયા. જેમાં પોતાના મધુર કંઠથી અને સંગીત કળાથી સમાજ અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની અજોડ સેવા કરી છે એવા સુરીલા ગાયક **શ્રી હસમુખભાઈ પાટડીયાને 'કીર્તન સંગીત રત્નાકર'** તથા વર્ષોથી લોકસાહિત્યની સેવા કરીને એક મહાન લોકસાહિત્યકાર તરીકે જેઓ વિખ્યાત છે એવા **શ્રી ભીખુદાનભાઈ ગઢવીને 'લોકસાહિત્ય રત્નાકર'** તથા સંતવાણી-ભજનોના અષાઢી મેઘ જેવા ગાયક **શ્રી નિરંજનભાઈ પંડ્યાને 'સંતવાણી રત્નાકર'** તથા મર્યાદાયુક્ત નિર્દોષ હાસ્યના સર્જક **શ્રી શાહબુદ્દીન રાઠોડને 'હાસ્ય રત્નાકર'** પુરસ્કારથી પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો-મહંતોના વરદ્ હસ્તે આ ચારેય દિગ્ગજ મહાન કલાકારોને સન્માનિત કરવા એવું નક્કી થયું.

આવા ઉમદા કલાકારોનું સન્માન કરવું હોય ત્યારે તેમના સાથીમિત્ર કલાકારો, લાખોની સંખ્યામાં તેમનો ચાહકવર્ગ ન હોય તો સન્માન જેમનું થતું હોય એવા કલાકારોને પણ પોતાને મળેલું સન્માન ફિક્કુ લાગે. આવું ન થાય તે માટે જેમની પુરસ્કાર માટેની નિમણુંક થઈ એવા કલાકારો સિવાય બીજા ૧૬ ઉચ્ચકક્ષાના તેમજ લોકપ્રિય કલાકારોને આમંત્રિત કર્યા.

સાથે સાથે બ્રહ્મનિષ્ઠ પૂ. સંતો તેમજ રાજકોટ શહેરના ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ, તબીબીઓ, એડવોકેટશ્રીઓ, સંગીતકારો, સાહિત્ય મર્મજ્ઞો વગેરે પણ આમંત્રિત કર્યા.

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર અંતઃસ્થિત શ્રી સ્વામિનારાયણ બાગના વિશાળ મેદાનમાં ત્રણ વિશાળ મંચની શ્રૃંખલામાં વિભાજીત કલાત્મક સભામંચ કરવામાં આવ્યા હતા. આ સભામંચ માટે ન કોઈ ડીઝાઈનર, ન કોઈ પ્રોફેશનલ કે અનુભવી એન્જિનીયર, પણ માત્ર કર્મનિષ્ઠ - સેવાનિષ્ઠ સંતો-પાર્ષદો તેમજ તેમની નીચે તૈયાર થયેલા સરધાર મંદિરમાં વિનામૂલ્યે રહીને વિદ્યાભ્યાસ કરતા ક્રિએટીવ ઉત્સાહી કોલેજીયન વિદ્યાર્થીઓની મહેનતના ફળસ્વરૂપે ભવ્યાતિભવ્ય નયનરમ્ય મંચ તૈયાર થયું.

તા. ૧૯-૪-૨૦૧૪ના રોજ શ્વેતપ્રકાશથી ઝળહળતા આ સભામંચમાં આમંત્રિત કલાકારોએ તેમના માટે તૈયાર કરવામાં આવેલ અલગ મંચ પર પોત-પોતાનું સ્થાન લઈ લીધું હતું. વિશાળ જનમેદની પણ આ સન્માન સમારોહને માણવા થનગની રહી હતી. તેવા સમયે પ્રારંભથી છેક મંચ સુધી પહોંચતા વિશાળ રેમ્પ પર પ.પૂ. લાલજી મહારાજશ્રી પૂ. સંતોની સાથે પધાર્યા. સર્વે સભાસદોએ હૃદયના ભાવથી અને તાલીઓના નાદ સાથે












પૂજ્ય મુક્તાનંદ બાપુનું સ્વાગત કરતા પૂજ્ય સ્વામી



સમારોહના યજમાન ન્યાલકરણ ગ્રુપ - વડોદરા



હસમુખ પાટડિયા




શ્રી હરદેવ આહિર

પોતાના સ્થાન પર ઊભા થઈને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું અભિવાદન કર્યું.

પ.પૂ. લાલજી મહારાજશ્રીની સાથે પૂ. સંતો તેમજ તમામ ઉમદા કલાકારોએ સમારોહના શુભારંભમાં દિપ પ્રાગટ્ય કર્યું. લોકસાહિત્યના વિવિધ ક્ષેત્રેના કલાઉપાસકોના સન્માન થતાં હોય ત્યારે લોકસાહિત્યના રાષ્ટ્રપિતા શ્રી ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ પટ પર ન આવે એ તો જમવા બેઠાને રોટલો ભૂલી ગયા જેવી વાત છે. સમારોહનો પ્રારંભ મેઘાણીની 'મોર બની થનગાટ કરે...' એ સુપ્રસિદ્ધ રચનાથી થયો. જેના શ્રવણમાત્રથી જ રોમ-રોમ ઝૂમી ઊઠે એવી અદ્‌ભુત કૃતિના સંગીત સાથે ગૂંથાયેલા શબ્દો પર સરધાર મંદિરના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર મયુરનૃત્ય રજૂ થયું. આ મયુરનૃત્યે સૌના ચિત્તમાં રહેલી જગતની ચિંતા ખંખેરી નાખી અને મનના મોરલા નાચી ઊઠ્યા. નૃત્ય બાદ સારંગી-વાયોલીન અને બાંસુળીની જુગલબંધી દ્વારા પૂ. સ્વામીના માર્ગદર્શન પ્રમાણે સંગીતક્ષેત્રે નિપૂણ થયેલા પૂ. નિર્દોષ સ્વામી (સારંગી - વાયોલીન), પૂ. મહાપુરુષ સ્વામી (બાંસુળી) તથા પાર્ષદ કૃણાલ ભગત (તબલા) ત્રણેયે સંગત કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ પૂ. સ્વામીએ પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા આમંત્રણને માન આપીને પધારેલા પૂ. મુક્તાનંદ બાપુ આદિક સર્વે બ્રહ્મનિષ્ઠ સંતોનું પુષ્પહારથી સ્વાગત કર્યું હતું. સમારોહના મુખ્ય યજમાન ન્યાલકરણ ગૃપ - વડોદરાના સભ્યો દ્વારા પણ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

સમારોહના મંગલ પ્રારંભમાં પૂ. એસ.પી. સ્વામી, પૂ. મુક્તાનંદ બાપુ તથા સમારોહના પ્રયોજક પૂ. સદ્‌ગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માંગલિક પ્રવચનો બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પણ મંગલ આશીર્વાદ પાઠવીને પધારેલા તમામ કલા ઉપાસકોને બિરદાવ્યા હતા.

સમારોહના શુભારંભમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સુપ્રસિદ્ધ ગાયક અને બંને દેશના પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના કૃપાપાત્ર શ્રી હસમુખભાઈ પાટડીયાએ સ.ગુ. શ્રી પ્રેમાનંદ સ્વામી રચિત 'મંગલ મૂર્તિ માધુરી સહજાનંદ મહારાજ' કીર્તનપદના શબ્દપુષ્પો સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રીચરણોમાં ચઢાવીને કાર્યક્રમની શરૂઆત કરી.

ભગવાન શ્રીહરિની પ્રાર્થનાથી થયેલી શરૂઆતથી ડાયરાએ રંગ પાડ્યો. એ જ વખતે જનસમુદાયથી હકડેઠઠ ભરેલા સભાસ્થાન તેમજ આમંત્રિત મોંઘામૂલા મહેમાનશ્રીઓ, ડોકટરો, ઉદ્યોગપતિઓ, એડવોકેટશ્રીઓ, આર્કીટેકો, પ્રોફેસરો, સાહિત્ય મર્મજ્ઞો અને સંગીતકારોની ખાસ ઉપસ્થિતિથી શોભતા મંચના કરતલ ધ્વનિઓના ગડગડાટ વચ્ચે રત્નાકર પુરસ્કારથી કીર્તન સંગીત - લોકસાહિત્ય - સંતવાણી અને હાસ્ય ક્ષેત્રેના ચાર દિગ્ગજ મહાનુભાવોને પ.પૂ. લાલજી મહારાજશ્રીના પૂ. સંતોના વરદ્ હસ્તે સન્માનવામાં આવ્યા ત્યારે બધાના હૈયા નાચી ઊઠ્યા. રંગબેરંગી આતશબાજીના રંગોથી રચાતી રંગોળીઓથી શોભતું આકાશ, ગ્રીષ્મની શરૂઆતની રાત્રિનો મંદ શિતળ પવન અને હજારો પોતાના ચાહકોની હાજરીમાં પ.પૂ. લાલજી મહારાજશ્રી જેવા યુગપુરુષ વિરલ વિભૂતિના

કરકમળો દ્વારા કલાયાત્રાના મુકામ સમાન 'રત્નાકર પુરસ્કાર'ને પ્રાપ્ત કરીને ચારેય કલાકારોએ કૃતકૃજ્ઞતા અનુભવી હતી. આ ચારેય ઉમદા કલાકારો સાથે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને સમારોહથી પ્રભાવિત થઈ પધારેલ 'ભારત કા વીર પુત્ર મહારાણા પ્રતાપ' ધારાવાહિકમાં મહારાણા પ્રતાપનું યુવાપાત્ર ભજવનાર શ્રી ફૈઝલખાનને પણ 'યુવા અભિનય રત્નાકર' પુરસ્કારથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

પોતાની કલાક્ષેત્રના ભીષ્મપિતા સમાન દિગ્ગજ કલાકારોનું જ્યારે સન્માન થતું હોય ત્યારે અન્ય કલાકારોના હૈયા હાથમાં રહે જ શેના ? તેઓ પણ આ પળને માણીને ભાવવિભોર થઈ ગયા હતા.

કલાજગતના અનેક ઊભરતા કલાકારોને પ્રોત્સાહન મળી રહે અને કલાકારોની કલાની કદર પણ થાય એવા શુભાશયથી પોતાની કલા રજૂ કરનાર દરેક આમંત્રિત કલાસાધકોમાં ૧. શ્રી સુખદેવ ધામેલીયા ૨. શ્રી જીતુભાઈ દ્વારકાવાળા ૩. શ્રી જીતુદાદ ગઢવી ૪. શ્રી જગદિશ ત્રિવેદી ૫. શ્રી મેરાણ ગઢવી ૬. શ્રી અભેસિંહ રાઠોડ ૭. શ્રી ઘનશ્યામ લાખાણી ૮. શ્રી લક્ષ્મણ બારોટ ૯. શ્રી બિહારી હેમુ ગઢવી ૧૦. શ્રી ખીમજી ભરવાડ ૧૧. શ્રી હરેશદાન ગઢવી ૧૨. શ્રી જગમાલ બારોટ ૧૩. શ્રી નિલાદ્રી ચેટરજી તથા શ્રી અનમોલ ખત્રી ('સારેગમપ લીટલ ચેમ્પ' રનરઅપ) ૧૪. શ્રી નિર્વેશ દવે (ઈન્ડિયન આઈડલ જૂનીયર રનરઅપ) ૧૫. શ્રી હેંમત જોષી વગેરેને રત્નાકર સન્માન સમારોહના વિશિષ્ટ સ્મૃતિચિહ્ન પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સ્વામી, પૂ. મુક્તાનંદ બાપુ, પૂ. એસ.પી. સ્વામી, પૂ. શા. સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજીના વરદ્ હસ્તે અર્પણ કરવામાં આવ્યા હતા. આ રત્નાકર સન્માન સમારોહના સાક્ષીસમાન પોતાનો કીંમતી સમય આપીને પધારેલા આમંત્રિત દરેક મહેમાનોને પણ સ્મૃતિ ચિહ્ન અર્પણ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમ સંચાલક લોકસાહિત્યકાર અને સાહિત્યમર્મજ્ઞ એવા શ્રી રાવત ભગતના પૌત્ર શ્રી હરદેવ આહિરે ડાયરાની ઢબે પોતાની આગવી શૈલીમાં સર્વ શ્રોતાગણોને એક ચિત્ત કર્યા અને સૌરાષ્ટ્રનું ઘરેણું કહી શકાય એવા જાદવબાપા ગઢડાવાળાના સુપુત્ર સુપ્રસિદ્ધ હાસ્યકલાકાર શ્રી સુખદેવ ધામેલીયાને પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. સંતોના સાનિધ્યમાં પોતાની કલાને પવિત્ર કરવા માટે આહુત કર્યા. ૨૦ મિનિટ સુધી એમના દ્વારા ઉડતી હાસ્યની છોળોથી શ્રોતાગણો પેટ પકડીને હસ્યા હતા.

સભાપતિના અનોખા આવકારથી શ્રી લક્ષ્મણભાઈ બારોટના મધુરકંઠે જગતથી વિરક્તિ પામેલ સંતો પાસે ભલે દુન્યવી દ્રવ્ય નથી, તેમ છતાં તેમની આંતરિક સંપત્તિનો પરમાનંદ કેવો હોય તેની ઝાંખી કરાવતું ભજન 'જો આનંદ સંત ફકીર કરે, વો આનંદ નાહી અમીરીમેં...'નું શ્રવણ કરી સંતોના અંતર મોરલા ઝૂમી ઊઠ્યા હતા. અને પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમજ સંતોએ વરિષ્ઠ સંતવાણી આરાધક શ્રી લક્ષ્મણભાઈ બારોટને કરતલ ધ્વનિથી વધાવી લીધા હતા.

ડાયરાની જમાવટ થતી જતી હતી. જનમેદની વધતી જતી હતી ત્યારે સભાપતિ શ્રી હરદેવ આહિરે કવિદાદના ખમીરવંતા સપુત કલાકાર જીતુદાદ



શ્રી સુખદેવ ધામેલીયા



શ્રી લક્ષ્મણ બારોટ




શ્રી હરેશદાન ગઢવી તથા શ્રી જીતુદાદ ગઢવી



શ્રી બિહારી હેમુ ગઢવી તથા શ્રી અભેસિંહ રાઠોડ



ડૉ. શ્રી જગદીશ ત્રિવેદી



શ્રી નીલાદ્રિ ચેટરજી, નિર્વેશ દવે, હસમુખ પાટડિયા, અનમોલ ખત્રી



શ્રી મેરાણ ગઢવી



શ્રી ભીખુદાન ગઢવી

ગઢવી અને પહાડી કંઠના માલિક હરેશદાન ગઢવીને જુગલબંધીમાં પોતાની કલાની રજૂઆત કરવા આવકાર્યા. બંને ઉમદા કલાકારોએ પરંપરાથી પ્રાપ્ત ચારણી શૈલીમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શીઘ્રકવિરાજ શતાવધાની પુરુષ સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીના છંદ-દુહા અને શ્રી ઝવેરચંદ મેઘાણી દ્વારા રચિત સૌરાષ્ટ્રની શૌર્યગાથાના પ્રતિક સમાન 'ચૌદ વર્ષની ચારણ કન્યા' કાવ્યનું ગાન કરીને શ્રોતાઓમાં શૂરવીરતારૂપી જોશનો ઉમેરો કર્યો હતો.

ત્યારબાદ જેમનું ભજન-સંતવાણીમાં અનેરું યોગદાન રહ્યું છે એવા શ્રી હેમુ ગઢવીના સુપુત્ર શ્રી બિહારી હેમુ ગઢવી અને શ્રી અભેસિંહ રાઠોડે 'આજ સખી આનંદની હેલી...' અને મેઘાણીની પ્રસિદ્ધ રચના 'મોર બની થનગાટ કરે...' આ પદોથી આજના સમારોહને વધાવ્યો હતો.

હવે વારો હતો હાસ્ય સમ્રાટ ડો. જગદીશ ત્રિવેદીનો. તેઓ મંચ પર આવ્યા અને માર્મિક તેમજ હાસ્યરસની અસ્ખલિત ધારાથી સૌ કોઈને પેટ પકડાવીને હસાવ્યા હતા. તેમાં પણ તેમણે કલાકારોનો ટ્રેડિશનલ પોશાક ગણાતા 'લેંઘો-ઝબ્બો' આજે ભવ્યાતિભવ્ય કાર્યક્રમ હોવા છતાં કેમ ન પહેર્યો તેનો કરેલો ખુલાસો એમના મૌલિક હાસ્યનો બેનમુન દાખલો બની રહ્યો.

ભારતના સંગીત જગતના ઘરેણા સમાન અને ઝીટીવી પ્રસ્તુત 'સારેગમપ લીટલ ચેમ્પ' તથા ઈન્ડિયન આઈડલ જૂનિયરના રનરઅપ તેમજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના બાળકલાકારો શ્રી અનમોલ ખત્રી, શ્રી નીલાદ્રિ ચેટરજી અને નિર્વેશ દવે જેવા ઈન્ટરનેશનલ મધુર સુરીલા ગાયકો જ્યારે ભગવાન શ્રીહરિના આશ્રિત બનીને ભભકાદાર તિલક-ચાંદલા અને કંઠમાં તુલસીની કંઠી સાથે જ્યારે મંચ પરથી નંદસંતો રચિત કીર્તનપદોના સૂરો રેલાવ્યા ત્યારે વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

ચારણકુળના ગૌરવવંતા કુલદીપ મેરાણગઢવીએ પોતાની તબિયત નાદુરસ્ત હોવા છતાં સંપ્રદાયના શીઘ્ર કવીરાજ સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીના જીવન તેમજ કૃતિઓના હાર્દ અને ઊંચાઈને વર્ણન કરતું અદ્‌ભુત સાહિત્ય ચારણી શૈલીમાં પીરસ્યું હતું. જેનાથી પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો-ભક્તો અતિશય આનંદિત થયા હતા.

જે રત્નાકરોને સાંભળવા માટે શ્રોતાઓ આતુરતાથી રાહ જોતા હતા એમાંથી એક સાહિત્યકાર શ્રી ભીખુદાનભાઈ ગઢવીને માણવાનો અનેરો લ્હાવો હવે આવી ચૂક્યો હતો. રાવત ભગતની કૃતિ 'સાધુનો સ્વભાવ છે એવો...' આ રચનાના વિવેચનથી તેમણે અદ્‌ભુત સંતમહિમા કહ્યો હતો અને પોતાની અનોખી રજૂઆત દ્વારા રત્નાકર પુરસ્કારની લાયકાત સાબિત કરી હતી.

સંતવાણી રત્નાકર શ્રી નિરંજનભાઈ પંડ્યા મંચ ઉપર પોતાની કલાને પવિત્ર કરવા અને કૃતકૃજ્ઞતા અનુભવવા માટે પધાર્યા. જેમ-જેમ રાત રંગ પકડતી જાય તેમ તેમ આમંત્રિત મહેમાનો અને શ્રોતાઓનો રસાલો વધતો જ જતો હતો. એવા સમામાં નિરંજનભાઈ પોતાના મધુરકંઠથી ગંગાસતીના 'શિલવંતા સાધુને વારે વારે નમીએ...' ભજન દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

સુરતના રત્નકલાકારોની વેદનાની નસેનસને જાણનારા સુપ્રસિદ્ધ

હાસ્યકલાકાર શ્રી ઘનશ્યામભાઈ લાખાણીએ હાસ્ય આરતી દ્વારા રત્નકલાકારોના જીવનની ગંભીર પળોને હળવી ફૂલ બનાવી દીધી હતી. એમની પોતાની આગવી શૈલીમાં રજૂ કરેલ હાસ્ય સરવાણી અખંડ વહેતી જ રહે એવી શ્રોતાગણોની અંતર ઝંખના હતી. પણ સમયની પાબંધીથી સમગ્ર સંસાર લાચાર છે એ પણ એક નરું સત્ય છે એ ન્યાયે તેમને થોડી જ ક્ષણોમાં પોતાની રજૂઆત પૂર્ણ કરીને તેમણે હાસ્ય રત્નાકર શ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડને મંચ પર આહુત કર્યા હતા. એમણે પોતાની માર્મિક વાતોમાં હાસ્યરસ ભેળવીને જબરદસ્ત ચોક્કા-છક્કા માર્યા હતા. એમની હાસ્ય રજૂઆતથી સ્વયં પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પૂ. સંતો પણ ખડખડાટ હસી પડ્યા હતા.



શ્રી નિરંજન પંડ્યા

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઉપદેશ પદોના રચયિતા કવિરાજ સદ્‌ગુરુ શ્રી દેવાનંદ સ્વામીની જન્મભૂમિ બળોલ ગામના વતની અને સંપ્રદાયમાં જેની સૌપ્રથમવાર ઓડિયો કેસેટ પ્રકાશિત કરવામાં આવી હતી એવા શ્રી ખીમજીભાઈ ભરવાડે ગામડાની લોકસંસ્કૃતિ શૈલીમાં 'શ્રીજી તારા રાજમાં સહુને લીલા લહેર છે...' એ કીર્તનપદનું ગાન કરીને હરિભક્તોના રોમેરોમમાં ભગવાન શ્રીહરિની ખુમારી ભરી દીધી હતી.



શ્રી ઘનશ્યામ લાખાણી

ત્યારબાદ શ્રી જીતુભાઈ દ્વારકાવાળાએ પોતાની સહજ મીમીક્રીમાં 'ભાઈ...ભાઈ...'ના હાકલા સાથે હાસ્યવાણીથી બધાને ખૂબ હસાવ્યા હતા.

આ રત્નાકર સન્માન સમારોહના અંતભાગમાં શિખર ચડાવવા ભજન-સંતવાણીના દુનિયાના જૂના જોગી શ્રી જગમાલભાઈ બારોટે સંપ્રદાયમાં જેમને 'સત્સંગની મા'નું બિરુદ પ્રાપ્ત થયું છે એવા સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી રચિત 'મનડું રંગાણા વિના ભક્તિ ન ભાવે રે...' એ કીર્તનપદની રજૂઆત કરીને વહેલી સવારના ૪.૦૦ કલાકે કાર્યક્રમને પૂર્ણ કર્યો હતો.



શાહબુદ્દીન રાઠોડ

સમી સાંજના એક જ પલાંઠીએ બેઠેલ શ્રોતાજનો સવારના ૪.૦૦ વાગ્યા તોપણ ઊભા થવાનું નામ જ લેતા નહોતા. કારણ કે, એકે-એક કલાકારો અદ્વિતીય અને અજોડ હતા. સાંભળ્યા જ કરીએ, સાંભળ્યા જ કરીએ... પરંતુ સમય સમયનું કામ કરે. આખરે દરેક શુભકાર્યનો અંત એક નવી શરૂઆત માટે જ હોય છે.

જય શ્રી સ્વામિનારાયણ.....અસ્તુ



શ્રી જીતુભાઈ ધ્વારકાવાળા તથા શ્રી જગમલ બારોટ



શ્રી ખીમજી ભરવાડ



# આધુનિક દૃષ્ટિએ આપણા ધાર્મિક વિધાનોનું રહસ્ય...

પાર્ષદ સંદિપભગત, ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

ગતાંકથી આગળ...

કોઈ મૂઢમાર વાગ્યો હોય અથવા શરીરના સ્નાયુઓ જકડાઈ ગયા હોય ત્યારે નવશેકા ગરમ પાણીથી સ્નાન કરવું ઉચિત છે. બાકી સાધારણ સંજોગોમાં ઠંડુ પાણી જ વધુ ઉપયોગી છે. ઠંડા પાણીથી માથું ધોવાય તો વાળના મૂળ વધુ મજબુત થાય છે. જ્યારે ગરમ પાણીથી માથું ધોવાય તો વાળના મૂળ જે છિદ્રોમાંથી નીકળે છે એ પ્રસરણ પામતા મૂળિયા ઢીલા પડે છે અને વાળ ખરવા માંડે છે. જેમને વર્ષોથી ગરમ પાણીથી સ્નાન કરવાની ટેવ હોય તેમણે અચાનક ઠંડા પાણીથી નહાવાનું શરૂ ન કરતા ધીરે-ધીરે પાણીનું તાપમાન ઘટાડતા જઈ ઠંડા પાણીથી સ્નાનની ટેવ પાડવી જોઈએ.

ઠંડા પાણીથી નહાવાથી શરદી થાય એ વાત બિલકુલ ખોટી છે. આપણા ઋષિમુનિઓ તો વહેલી સવારે ભર શિયાળામાં પણ નદી કે તળાવમાં સ્નાન કરતા હતા. અરે ! આપણા સંતો તો હજુ પણ ૩૬૫ દિવસ ઠંડા જળથી જ સ્નાન કરે છે અને માઘ માસમાં વિધિવત્ માઘસ્નાન કરે છે. એટલે કે નદી-તળાવના કે માટલાના ઠંડા પાણીથી જ સ્નાન કરે છે. છતાં તેઓ નિરોગી જ રહે છે. નદીના સ્નાનમાં પાણીની ઠંડક અને ગતિ બંને હોવાથી ઉત્તમ ઘર્ષણ સ્નાનનો લાભ શરીરને મળે છે.

નિયમિત સ્નાન કરવાથી ચામડીના છિદ્રો ખુલ્લા રહે છે અને પરસેવા દ્વારા શરીરના વિષદ્રવ્યો સરળતાથી બહાર નીકળતા રહે તો આપણી કિડની પર અધિક કાર્યભાર આવતો નથી અને તે સક્ષમ રહે છે.

સ્નાન માત્ર તનને જ નહિ, મનને પણ શુદ્ધ કરે છે. મન શુદ્ધ અને શાંત થાય તો કેટલાય અશક્ય કાર્યો શક્ય બની જાય, પરંતુ શરીરની જે પાંચ ઈન્દ્રિય છે તેની ઈચ્છા પૂરી કરવામાં મનનો બધો જ સમય વ્યસ્ત થતો હોય તો તે પોતાના કાર્યો ક્યારે કરી શકે ? કાનને કર્ણપ્રિય સંગીત સાંભળવાનું, નાકને સુગંધ લેવાનું, જીભને સ્વાદિષ્ટ ખોરાક લેવાનું, આંખને સુંદર દૃશ્ય જોવાનું અને ત્વચાને નાજુક સ્પર્શ કરવાનું મન થાય. ઈન્દ્રિયો ભલે બદલાય પણ મનને તો બધી ઈન્દ્રિયોમાં હાજર રહેવું પડે. ઈન્દ્રિયો જે-જે ભોગવે પછી તે સારું હોય કે ખરાબ - મન ઉપર એની છાપ પડતી રહે અને મન દૂષિત થયા કરે. મનને શુદ્ધ અને સ્થિર રાખી શકાય તો ઘણી સિદ્ધિ મેળવી શકાય. નારદજીની જેમ એક લોકમાંથી બીજા લોકમાં ક્ષણવારમાં પહોંચી શકાય. આપણા નંદસંતો કે મહાન ભક્તોની જેમ નિરાવરણ દૃષ્ટિ પ્રાપ્ત કરી શકાય કે પછી માત્ર સંકલ્પથી જ ધાર્યા કામ કરી શકાય.

આપણે આવું નથી કરી શકતા. કારણ કે, આપણી આખી જિંદગી પાંચ ઈન્દ્રિયની ઈચ્છાપૂર્તિમાં જ પૂરી થઈ જાય છે.

'ઈન્દ્રિયો શાંત થાય તો મન આપોઆપ શાંત થાય.' આવું વાક્ય તો આપણે હજારોવાર સાંભળી ચૂક્યા હોઈશું, પરંતુ બોલવું અને આચરણ કરવું એમાં જમીન-આસમાન કે વિમાન-બળદગાડાં જેટલો ફરક હોય છે.

ચંચળ મનને શાંત કરવાના પ્રયાસમાં ભલભલા ઋષિમુનિઓ પણ પાછા પડ્યા છે, તો સામાન્ય માનવીનું શું ગજું ? તો પછી આવા મનને શાંત કરવા માટે કોઈ ઉપાય ખરો ? હા. ઠંડા પાણીથી માથાબોળ સ્નાન મનને શાંત કરવાના ઘણા ઉપાયોમાંનો એક સરળ અને હાથવગો ઉપાય છે. ઠંડા પાણીની ધાર મસ્તક પર પડતા જ ઈચ્છા શાંત થવાની શક્યતાઓ વધે છે. જ્યારે જ્યારે કોઈ ખરાબ સંકલ્પ થાય કે કોઈ વિજાતીય પાત્ર જોઈ કામના જાગે ત્યારે ઠંડા પાણીના શાવર (ફુવારો) કે નળ નીચે સ્નાન કરજો. ઈચ્છા શાંત થશે, મન શાંત થશે....!! 'તમે તો મારી ઈચ્છા પર પાણી ફેરવી દીધું...' આવા વાક્ય પ્રયોગ તમે ઘણીવાર સાંભળતા હશો. વાસનાને શાંત કરવી હોય તો મસ્તક પર પાણી રેડવું પડે.

માત્ર ઈન્દ્રિય જ નહિ ક્રોધ પર કાબુ મેળવવા પણ ઠંડાપાણીનું માથાબોળ સ્નાન ઘણું મહત્ત્વનું છે. તમને ક્યારેક અતિશય ગુસ્સો આવે તો તરત આવું સ્નાન કરી લેજો. પછી જે કંઈ નિર્ણય લેવો હોય તે લેજો. રોષમાં લીધેલ નિર્ણય કરતા સ્નાન બાદ લીધેલ નિર્ણય વધુ સમતોલ થશે.

આઘાતજનક સમાચાર જીરવવાની શક્તિ પણ સ્નાનથી મળે છે. ક્યારેક આવા સમાચાર સાંભળો ત્યારે જો સ્નાન કરી લો તો આઘાતની કળ વળી જશે. ભારતીય સંસ્કૃતિમાં કોઈ સ્વજનનું મૃત્યુ થાય ત્યારે સ્નાન કરવાનો રિવાજ કદાચ આ કારણથી જ છે. સ્મશાનમાં ગયેલ લોકો તો સ્નાન કરે. કારણ કે, શરીર શુદ્ધિ થાય પરંતુ દૂર વસેલા સ્વજનો પણ સ્નાન કરતા હોય છે. કારણ કે, આઘાતજનક સમાચાર સાંભળવાથી મન પર અસર થતી હોય છે. મૃતક જોડે વિતાવેલો સમય યાદ આવતો હોય છે. મન વ્યથિત થતું હોય છે. આવા સમયે શીતળ જળથી માથાબોળ સ્નાન કરી લેવાથી આઘાત સહન કરવાની શક્તિ વધે છે...!!!

તદુપરાંત તમારા મનમાં કોઈ પ્રત્યે ઈર્ષ્યા-અદેખાઈ જાગે, તિરસ્કાર ઉત્પન્ન થાય, દ્વેષ ઉત્પન્ન થાય, અભિમાન-અહંકાર જાગે - આ દરેક સંજોગોમાં મગજમાં ગરમી પેદા થતી હોય છે. શીતળ જળથી માથાબોળ સ્નાન તમને આવી પરિસ્થિતિમાંથી બચાવવા માટે શ્રેષ્ઠ પુરવાર થઈ શકે તેમ છે. ક્યારેક જીવનમાં કોઈક કાર્યમાં નિષ્ફળતા મળવાથી મન ગ્લાનિ અનુભવે છે. હૈયું હતાશ થાય છે, નિરાશાની આવી પળમાં ઘણા માણસો આત્મહત્યા કરવા પ્રેરાય છે. પરંતુ આત્મહત્યા એ કંઈ સમસ્યાનો કાયમી ઈલાજ નથી. નવા જન્મમાં પણ તમારે કર્મફળ તો ભોગવવું જ પડશે, તો આ જન્મમાં જ કેમ નહિ ?

હા, આવી હતાશાથી બચવાનો એક **ઉપાય** છે. બાથરૂમમાં જઈ નળ ખોલીને નીચે બેસી જાવ. પ્રભુ નામસ્મરણ સાથે સ્નાન કરીને તમારી હતાશા અને નિરાશાને પાણી ભેગી વહી જવા દો. ફરીથી પ્રયત્નપૂર્વક કાર્ય કરો અને સફળતાની રાહ જુઓ. એક દિવસ જરૂર સફળતામાં સ્નાનના દિવસો પણ ભળશે...!!

- સ્નાનથી પાંચ ઈન્દ્રિયો શાંત થાય...!!

- ઈચ્છાઓ શાંત થાય...!!

- કામ, ક્રોધ, મોહ, માયા, અહંકાર અને અદેખાઈ જેવા દુશ્મનોનો પણ નાશ થાય...!!

- એકાગ્રતા વધે...!!

- આઘાત સહન કરવાની ક્ષમતા વધે અને નિરાશા ઘટે...!!

સ્નાનથી વધુ કોઈ ફાયદા થાય ?

હા, થાય ને...!! તમે શીતળ જળથી સ્નાન કરવાની આદત શરૂ કરો તો ગીઝરથી થતી વીજળીની વપરાશમાં બચત થાય. શીતળ જળથી સ્નાન કરીને બાથરૂમ બહાર નીકળો ત્યારે તમે તન-મનથી ઠંડક અનુભવતા હોવ છો, આમ પણ વીજળી બચાવવા માટે સરકાર ખૂબ જાહેરાતો કરે છે. તો આપણે પણ ઠંડા પાણીથી સ્નાન કરીને વીજળી તો બચાવીએ અને સાથે-સાથે આપણા તન-મન-ધનની સુરક્ષાનો પ્રબંધ કરીએ તો સોનામાં સુગંધ ભળે...!!

આજના કહેવાતા સભ્ય અને શિક્ષિત સમાજમાં સ્નાન કર્યા વિના પથારીમાં જ ચા-બિસ્કિટ અને નાસ્તો-ભોજન કરવાની જાણે કે આદત પડી ગઈ છે. હવે પાશ્ચાત્ય સંસ્કૃતિમાં ગળાડૂબ એવા લોકો જ પ્રશ્ન કરે છે કે, સ્નાન કર્યા વિના ભોજન કર્યું હોય તો શું થઈ ગયું ? એવા અર્ધ અંગ્રેજોને એમ કહી શકાય કે, શાસ્ત્રમાં કહ્યું છે :- 'अस्नायी शमलं भुंक्ते' - સ્નાન કર્યા વિના કરવામાં આવેલ ભોજન વિષ્ઠા ખાવા બરાબર છે.

શરીર વિજ્ઞાનીઓનું કહેવું છે કે, જ્યાં સુધી કકડીને ભૂખ ન લાગે ત્યાં સુધી આપણે ભોજન ન કરવું જોઈએ. સ્નાન કરવાથી શરીરમાં શીતળતા વધે છે. નવી સ્ફૂર્તિ પેદા થાય છે. જેના કારણે સ્વાભાવિક ભૂખ લાગે છે. આ વખતે કરવામાં

આવેલ ભોજન આપણા માટે પુષ્ટિવર્ધક સાબિત થાય છે.

સ્નાન પહેલા જ જો આપણે કંઈ ખાઈ લઈએ છીએ તો તેને પચાવવા માટે આપણો જઠરાગ્નિ પ્રયત્નમાં લાગી જાય છે. તે જઠરાગ્નિ સ્નાન કરવાથી ઠંડો થઈ જાય છે. આથી પેટની પાચનશક્તિ મંદ પડી જાય છે. આના પરિણામ સ્વરૂપે આપણા આંતરડાની શુદ્ધિ બરાબર થતી નથી. કબજીયાતની ફરિયાદ રહે છે. કુદરતી હાજતમાં તકલીફ પડે છે અને વિવિધ પ્રકારના નાના-મોટા રોગોનો ત્રાસ થઈ પડે છે. માટે સ્નાન કરી પૂજાપાઠ અને દેવદર્શન કર્યા પછી જ ભોજન કરવાનું નિયમ ભગવાનના ભક્તોએ રાખવું જોઈએ.

સ્નાન કરવાથી મનની સ્થિરતા વધે છે, મનની સ્થિરતાથી એકાગ્રતા વધે છે. સ્નાન કર્યા બાદ પૂજાપાઠ વધુ ધ્યાનપૂર્વક કરી શકાય છે માટે ભગવાન શ્રીહરિ ભક્તજનોની દિનચર્યા બતાવતાં કહે છે કે, 'અમારા આશ્રિતોએ નિત્ય સવારે પ્રભુ સ્મરણ સાથે સ્નાન કરવું.'

ભગવાન શ્રી સ્વામિનારાયણે પણ આજ્ઞા કરી છે તેને આજે પણ એકાંતિક સંતો-હરિભક્તો સારધાર પાળે છે. તેને એક કારણ એ પણ છે કે, શ્રીજીમહારાજે કરેલી આજ્ઞાઓ કોઈ કોરા ફડાકા નથી પણ અનુભવ સિદ્ધ છે. કારણ કે, ભગવાન શ્રીહરિ પોતે વર્ત્યા છે અને પછી જ એવા વર્તનની આજ્ઞાઓ આપી છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં નિત્ય બોલાતી ભગવાન શ્રીહરિની **સ્વાભાવિક ચેષ્ટામાં 'પાછલી રાત્રિ રે, ચાર ઘડી રહે જ્યારે, દાતણ કરવા રે, ઉઠે હરિ તે વારે...'** સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત 'હરિસ્મૃતિ'માં **'પછી દેહક્રિયા કરી આવે, નાથ. હાથ મૃત્તિકાયે મટીયાવે, નાથ૦ ચોળી એકુકી આંગળિયો, નાથ. ધોઈ શુદ્ધ કરે સઘળિયો, નાથ૦ પછી દાતણ કરતા શ્યામ નાથ૦ મુખ ધોઈ લો'તા સુખધામ નાથ૦....'** વગેરે પંક્તિઓ તેમજ વચનામૃત ગ્રંથનો પરથારો વગેરે કેટલાક સાંપ્રદાયિક ગ્રંથોમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની **નિત્યવિધિ**નું વર્ણન કરેલું જોવા મળે છે. તેમજ વડીલ સંતો પાસે પણ ભગવાન શ્રીહરિના **નિયમિત** અને ધર્મપરાયણ જીવનના કેટલાય **ચરિત્રો** સાંભળવા મળે છે.

સ્નાન કર્યા બાદ ધોયેલું એક વસ્ત્ર પહેરવું અને એક ઓઢવું. આપણે ત્યાં કોઈ મોટા માણસ આવ્યા હોય તો તેને મળવા પણ આપણે ખુલ્લે શરીરે જતા નથી તો ભગવાનને મળવા માટે આપણે જ્યારે જઈએ છીએ, એમની પૂજા માટે જઈએ છીએ ત્યારે માત્ર એક વસ્ત્ર પહેરીને જ ન જવું. પરંતુ એક વસ્ત્ર પહેરવું અને એક બીજું વસ્ત્ર શરીર ઉપર ઓઢવું. પૂજાપાઠ કે અનુષ્ઠાન કરતી વખતે સીવેલા કપડાનો પણ નિષેધ છે. માટે ધોતી જ ધારણ કરવી.

આપણા શાસ્ત્રોમાં પૂજાપાઠાદિકમાં **રેશમી વસ્ત્રો** પહેરવાનું જ વિધાન છે અને રેશમી વસ્ત્રોને એક વખત શરીર પર પહેર્યા પછી ઉતારવામાં આવે તો પણ પવિત્ર ગણવામાં આવ્યા છે. પવિત્ર ગણાતા રેશમને આટલું ઉચ્ચ સ્થાન મળવાના ઘણા કારણ છે. તેમાંથી સૌપ્રથમ કારણ એ છે કે, રેશમને આરોગ્ય સાથે સીધો સંબંધ છે. રેશમનો કીડો પોતાની લાળ વડે જે કોશેટો તૈયાર કરે છે અને તેમાં જે પુરાઈ જઈ લગભગ ૧૫ થી ૨૦ દિવસ સુધી સુષુપ્તિ અવસ્થામાં પડી રહે છે. આ અવસ્થા દરમ્યાન પોતાનું રક્ષણ થાય તે હેતુ માટે જ કોશેટોરૂપી કવચ તેણે તૈયાર કર્યું હોય છે. કોશેટો રૂપી કવચના દ્રવ્ય ગંદકી, હાનિકારક જીવજંતુઓ બેકટેરીયા, વિષાણુઓને પોતાનાથી દૂર રાખવાની શક્તિ ધરાવે છે. તેથી તેમાં રહેલ કીડાનું સંપૂર્ણ રક્ષણ થાય છે. આવો ગુણધર્મ ધરાવતા કોશેટાના તારમાંથી બનતા રેશમના વસ્ત્રોને પહેરવામાં આવે તો ઘણી બિમારીઓમાંથી બચી જવાય છે.

આપણા શાસ્ત્રોમાં રજસ્વલા સ્ત્રીને પણ રેશમી વસ્ત્ર પહેરવાનું વિધાન છે. રેશમ અભડાતું નથી એમ કહેવામાં આવે ત્યારે એનો અર્થ એ જ છે કે, રેશમ હાનિકારક સૂક્ષ્મ જીવાણુઓને પોતાનાથી અપાકર્ષણ કરી દૂર રાખે છે. જેથી ગર્ભાશયને સૂક્ષ્મ જીવાણુંથી થતા ઈન્ફેક્શનથી બચાવી શકાય છે. એથી ઊલટું સુતરાઉ વસ્ત્ર અભડાય છે એમ કોઈ કહે તો એનો અર્થ એ જ છે કે, ગ્રાહી ભેજસંચય વસ્ત્રોમાં ભેજ, ફૂગ, બેકટેરીયાને શરીરથી દૂર ધકેલવાની ક્ષમતા ઓછી છે. આથી રોગ થવાની સંભાવના બની રહે છે. તમને જાણીને આશ્ચર્ય થશે, પરંતુ યુરોપના એક લેખકે સંશોધનના અંતે શોધી કાઢ્યું છે કે, ભારતના પ્રાચીન મિતાક્ષર ગ્રંથના મત પ્રમાણે - રેશમને વારંવાર ન ધુઓ તો પણ ચાલે. કારણ કે, રેશમમાં પોતાની જાતે જ માત્ર હવાના સંસર્ગમાં જ સ્વચ્છ થઈ જવાનો ગુણ છે. આથી જ આ લેખકે તેને 'હવાથી ધોવાતું વસ્ત્ર' એવી ઉપમા આપી છે...!! વિજ્ઞાનની ભાષામાં કહી શકાય કે, રેશમ એક સંપૂર્ણ હાઈજેનિક વસ્ત્ર છે. તેથી જ આજે પણ આપણા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં સંતો તેમજ બ્રહ્મચારીઓ ઠાકોરજીનો થાળ બનાવવા કે સેવા માટે જાય ત્યારે રેશમી વસ્ત્રો અને અબોટીયા પહેરીને જ રસોડામાં કે મંદિરમાં દાખલ થાય છે અને સુતરાઉ કાપડનો તો શું પરંતુ સુતરના ધાગાનો સ્પર્શ પણ

નથી કરતા...!! જો તેનો સ્પર્શ થઈ જાય તો ફરીને સ્નાન કરીને પૂર્વવત ક્રિયામાં જોડાય છે. રસોઈની દરેક સામગ્રીમાં શુદ્ધતા અને સ્વચ્છતા જળવાઈ રહે અને અનેક રોગોથી બચી શકાય તે જ હેતુ આ રિવાજ પાછળ છે. વળી, રસોઈ કરતી વખતે ન કરે નારાયણને જો આગ લાગે તો રેશમી વસ્ત્ર થર્મોગ્રાફિક હોવાથી કોટનની જેમ જ બળીને રાખ થાય છે. જ્યારે નાયલોન, પોલિસ્ટર જેવા કૃત્રિમ રેસાથી બનેલા વસ્ત્રો થર્મોપ્લાસ્ટીક હોવાથી આગના સંપર્કમાં આવતા જ પ્લાસ્ટીકની જેમ શરીરને ચોંટી જઈ ચામડીને વધુ નુકસાન કરે છે.

રેશમી વસ્ત્રને કાચ સાથે ઘસવાથી કાચ ઉપર **વીજભાર** ઉત્પન્ન થાય છે એવું અભ્યાસક્રમમાં આવે છે. રેશમનું કુદરતી સક્રિય દ્રવ્ય જ આ વીજભારને ઉત્પન્ન કરે છે. વાતાવરણમાં અનેક જાતના તરંગો વહેતા હોય છે. આમાંથી શુભ અને કલ્યાણકારી તરંગોને રેશમમાં રહેલું સક્રિય તત્ત્વ આકર્ષિત કરી શકે છે. સાથે-સાથે અશુભ કે નેગેટિવ ઊર્જાના તરંગોને પોતાનાથી અપાકર્ષણ દ્વારા દૂર રાખી તેને આપણા શરીરમાં પ્રવેશતા અટકાવે છે. જેનાથી મનની એકાગ્રતા વધે છે...!! આથી જ રેશમી વસ્ત્રો પહેરીને પૂજાપાઠ કે પ્રાર્થના કરવાથી આપણી શુભભાવના વધુ બળવાન બને છે અને માનસિક શાંતિ પ્રદાન કરવામાં મદદરૂપ થાય છે.

રેશમ શુભ તરંગોને ઝીલી શકવાની **ક્ષમતા** ધરાવે છે માટે જ બહેન પ્રેમભાવના સંકલ્પ વડે ભાઈને રેશમી તારથી બનેલ રાખડી બાંધી રક્ષાકવચ ઊભું કરે છે. આ ઉપરાંત વાણી કે મંત્રનાદની અસર પણ રેશમી વસ્ત્ર ઉપર થયા વિના રહેતી નથી. કોઈ વયોવૃદ્ધ કે પ્રખ્યાત વ્યક્તિનું સન્માન રેશમી શાલ ઓઢાડીને કરવામાં આવે ત્યારે પણ આવો જ **શુભ ભાવ** રહેલો હોય છે.

આપણે આગળના પ્રકરણોમાં જોયું કે, અહિંસા તો મનુષ્યમાત્રનો **પરમ ધર્મ** છે. જ્યારે રેશમી કાપડ બનાવવા માટે અસંખ્ય રેશમી કીડાઓની હિંસા થાય છે તેનું કેમ સમજવું ? તો ભક્તજનો ! 'સ્પન સિલ્ક' અહિંસક રીતે બનાવવામાં આવે છે. જેમાં રેશમના કીડાને મારી નખાતા નથી. કોશેટોમાં રહેલા સુષુપ્ત કીડાનો સમય પુરો થતા તે પતંગિયું બની કોશેટોને તોડી બહાર આવે છે અને ઊડી જાય છે. આવા ખાલી પડેલા કોશેટોમાંથી જ રેશમના તાંતણા મેળવવામાં આવે છે. આ તૂટી ગયેલા કોશેટોમાંથી લાંબા તાર નથી મળતા પણ રેશમના અસંખ્ય નાના તાંતણા પ્રાપ્ત થાય છે. આ તાંતણાને ટ્વીસ્ટ કરી તેમાંથી યાર્ન (દોરા) બનાવવામાં આવે છે. જેને 'સ્પનયાન' કહે છે. આના રાસાયમિક ગુણધર્મો લાંબા તારમાંથી મળતા રેશમ જેવા હોય છે. પરંતુ તે ચમક થોડી ઓથી ધરાવે છે. આથી તેમાંથી બનતા રેશમી વસ્ત્રોની ચમક થોડી ઓછી થઈ જાય છે. પરંતુ તેમાં હિંસા ન હોવાથી અહિંસકોના ચહેરાની ચમક વધી જાય છે. માટે ભક્તોએ સ્નાન કરીને ભગવત્પૂજા માટે આવા રેશમી વસ્ત્રો જ ધારણ કરવા જોઈએ.

આગળની દિનચર્યા બતાવતાં **ભગવાન શ્રીહરિ** કહે છે :- 'उपविश्य ततः शुद्ध आसने शुचिभूतले । असङ्कीर्णं उपस्पृश्यं प्राङ्मुखं वोत्तरामुखम् ॥૫૧॥' - અને તે વાર પછી પવિત્ર પૃથ્વીને વિષે પાથર્યું અને શુદ્ધ ને કોઈ બીજા આસનને અડ્યું ન હોય અને જે ઉપર સારી પેઠે બેસાય એવું જે આસન તેને વિષે પૂર્વમુખે અથવા ઉત્તરમુખે બેસીને આચમન કરવું. ॥શિક્ષાપત્રી - શ્લોક - ૫૧॥

ધાર્મિક કાર્યના **અનુષ્ઠાન**માં કદાચ આસન પાથર્યા વગર બેસીએ તો શું દોષ છે ? અને આસનનું શું **પ્રયોજન** છે ? તે આ બંને પ્રશ્નોના ઉત્તરને સમજીએ.

'આસન કેવળ કપડાં મેલા થતા બચાવવા માટે જ પાથરવામાં આવે છે' અહિન્દુઓમાં આવી ધારણા ભલે હોય. પરંતુ હિન્દુઓ તો આ કૃત્યને પણ ધાર્મિક અનુષ્ઠાનનું **અનિવાર્ય અંગ** જ માને છે. કેમ કે, શાસ્ત્રોમાં અમુક પ્રકારનું આસન હોવું જોઈએ અને અમુક પ્રકારનું ન હોવું જોઈએ એવી વ્યવસ્થા જોવા મળે છે.

ધાર્મિક કાર્યોમાં આસન એટલા માટે પાથરવામાં આવે છે કે, પૃથ્વી પોતાના **ગુરુત્વાકર્ષણ બળ**થી તમામ પાર્થિવ પદાર્થોને પોતા તરફ ખેંચે છે. આ જ કારણે ઉપરથી પડેલી દરેક વસ્તુ સીધી જ પૃથ્વી પર પડે છે. આજકાલ એવું ભણાવવામાં આવે છે કે, પાશ્ચાત્ય વૈજ્ઞાનિક ન્યુટને ઈસુની ચૌદમી શતાબ્દીમાં એક સફરજન વૃક્ષ પરથી નીચે પડતા જોયું. તેનાથી તેને ગુરુત્વાકર્ષણનું જ્ઞાન થયું. પરંતુ ભારતીય ઋષિમુનિઓ તો અબજો વર્ષોથી આ ગુરુત્વાકર્ષણથી સારી રીતે પરિચિત હતા. આ વાત આપણા ધાર્મિક કાર્યોમાં આસન પાથરવાના વિધાનથી સુસ્પષ્ટ સિદ્ધ થઈ જાય છે...!! હા, આપણે વાત કરતા હતા કે, પૃથ્વીમાં રહેલી આ આકર્ષણ શક્તિ પૂજાપાઠ કરતી વખતે મનુષ્યને પ્રભાવિત ન કરી શકે તે માટે પૃથ્વી અને અનુષ્ઠાતા (પૂજા કરનાર) વચ્ચે એવા પદાર્થોનું હોવું આવશ્યક છે કે જે પાર્થિવ વિદ્યુતના સંક્રમણને માનવ શરીરની વિદ્યુત સાથે સંયુક્ત ન થવા દે.

લોખંડ, પીત્તળ વગેરે ધાતુઓ, જળ, મનુષ્ય, પશુ-પંખી

વગેરે પ્રાણીઓના શરીર વગેરે એવા પદાર્થો છે કે જેમાં વીજળીનો પ્રવેશ થઈ શકે છે. એટલે કે તેમાંથી વીજળી સુગમતાથી પસાર થઈ જાય છે. જ્યારે લાકડું, ચીનાઈ માટી, રબ્બર વગેરે એવા પદાર્થો છે કે જેમાંથી વિદ્યુત પ્રવેશ થતો નથી. આ વાત આપણે બધા જાણીએ છીએ. જે પદાર્થોમાંથી **વિદ્યુત પ્રવાહ**નું વહન થતું હોય તેવા પદાર્થોને વૈદિક વિજ્ઞાનમાં અશુચિ કહે છે. અને જેમાંથી વહન થતું હોય તેવા પદાર્થને શુચિ કહે છે. આવા શુચિ પદાર્થોનું માધ્યમ વચ્ચે રાખવાથી વિદ્યુત પ્રવાહને અટકાવી શકાય છે.

આ જ વૈજ્ઞાનિક હેતુથી ભારતીય ઋષિમુનિઓએ પૂજાપાઠ વખતે ગાયના છાણનું લેપન, લાકડાનો બાજોઠ, દર્ભનું આસન, મૃગચર્મ, વ્યાઘ્રચર્મ, ઉનનું આસન વગેરે આસનોનું પ્રતિપાદન કર્યું છે. આવી રીતે જેટલા પણ આસનનું આપણા શાસ્ત્રોમાં વિધાન જોવા મળે છે તે બધા નોનકન્ડેક્ટર એટલે કે વિદ્યુત પ્રવાહને અટકાવનારા છે. પૃથ્વીની વિદ્યુતશક્તિ અનુષ્ઠાન કરનાર વ્યક્તિને કોઈ ખરાબ અસર ન કરે અને અનુષ્ઠાનથી ઉત્પન્ન થયેલી પોતાની શક્તિનું પૃથ્વીમાં વહન થઈને વ્યય ન થાય એ **આસનનો હેતુ** છે.

તો આવું શુચિ આસન પાથર્યા પછી તેના પર ઉત્તરમુખે કે પૂર્વમુખે બેસવું. પૂર્વ દિશાને દેવતાઓની દિશા કહેવાય છે. **અથર્વવેદ** કહે છે કે :- 'देवानामेषादिग् या प्राची पितृणामेषा दिग् या दक्षिणा' - પૂર્વ દેવતાઓની દિશા છે અને દક્ષિણ પિતૃઓની દિશા છે. માટે કોઈપણ દેવસંબંધી કાર્ય પૂર્વદિશા તરફ મુખ રાખીને કરવું એ શ્રેષ્ઠ છે. અને વળી, પૂર્વ દિશા પ્રગતિની દિશા છે અર્થાત્ ઊર્ધ્વગતિની દિશા છે. કારણ કે, પૂર્વ દિશામાં ઉદય પામેલો સૂર્ય મધ્યાહ્ન સુધી ઊર્ધ્વગતિ એટલે કે પ્રગતિ કરે છે અને પશ્ચિમમાં જતાની સાથે જ અધોગતિની શરૂઆત થઈ જાય છે. માટે પૂર્વ દિશા તરફ મુખ રાખીને કરેલું દેવસંબંધી કાર્ય વિકાસ અને પ્રગતિને પામે તથા પ્રભાવશાળી બને એવા શુભાશયથી **પૂર્વમુખ** તરફ બેસવું.

ઉત્તર દિશા આધ્યાત્મિક પ્રગતિનું સ્થાન છે અને કર્મપ્રધાન એવા આ ભરતખંડમાં આધ્યાત્મિક પ્રગતિના સ્થાનરૂપ જે હિમાલય તે પણ ઉત્તર દિશામાં જ વિરાજમાન છે. હિમાલયમાં ઋષિરૂપે ભગવાન શ્રી નરનારાયણ મનુષ્યોને આધ્યાત્મિક પ્રગતિમાં બળ આપવા માટે કઠોર તપશ્ચર્યા કરે છે. માટે તેમની તપઃશક્તિથી આપણા આધ્યાત્મિક જીવનમાં પ્રગતિ થાય એવા શુભાશયથી ઉત્તર તરફ મુખ રાખીને **પૂજાપાઠ** કરવામાં આવે છે.

પૂર્વદિશામાં સૂર્યનો **'ગ્રેવિટેશન ફોર્સ'** - ગુરુત્વાકર્ષણ બળ હોય છે. તે આપણા મનને ચુંબકીય રીતે આકર્ષિત કરે છે. એટલે મન વધારે સ્થિર થાય છે અને સરળતાથી શ્રીહરિમાં મન પરોવાય છે. સૂર્ય પૂર્વમાં ઊગે છે. એના ઊગતાની સાથે જ જગતમાં જીવપ્રાણીમાત્રમાં ચેતનાનો સંચાર થાય છે. ઊગવું કોને ન ગમે?

વળી ઉત્તર દિશા સ્થિરતાની સૂચક છે. ઉત્તરદિશા મુક્તિપથની દિશા છે. જીવનમાં મુક્ત થવું, સ્થિર થવું, વ્યક્તિની પ્રજ્ઞા સ્થિર થવી એ પણ એક ઉચ્ચ આદર્શ છે. પૂર્વ દિશામાં મુખ રાખી જીવનમાં ઊગવાની પ્રેરણા અને આગળ વધવાની પ્રેરણા મળે છે.

ઉત્તર અથવા પૂર્વ દિશા તરફ મુખ રાખીને બેઠા પછી આચમન કરવું. જમણા હાથના અંગુઠાના અગ્રભાગને વાંકો વાળીને મધ્યમા આંગળીના પર્વ પર સ્થાપન કરીને, માત્ર અડદનો દાણો ડૂબે એટલું જ જળ હથેળીમાં ગ્રહણ કરીને બંને હાથને બંને ગોઠણની મધ્યે રાખીને અને જમણા હાથને ડાબા હાથનો સ્પર્શ કરાવવા પૂર્વક આચમન કરવું. એટલે કે મંત્રોચ્ચારણ પૂર્વક ત્રણવાર જળને હથેળીના કાંડાના ભાગથી પી જવું. પહેલીવાર આચમન કરતી વખતે **'ૐ નારાયણ નમઃ'** એ મંત્ર બોલવો. બીજી વખતે **'ૐ વાસુદેવાય નમઃ'** અને ત્રીજી વખતે **'ૐ વિષ્ણવે નમઃ'** આ પ્રમાણે મંત્ર બોલવા. અને આ મંત્ર જો યાદ ન રહેતા હોય તો **'ૐ શ્રી સ્વામિનારાયણાય નમઃ'** એ રીતે ત્રણવાર ઉચ્ચારણ કરીને ત્રણ વાર આચમન કરવું. આમ, ક્રમશઃ આ ત્રણ મંત્ર બોલી ૩ વાર આચમન કરવું, આચમન કર્યા બાદ શુદ્ધ જળથી હાથ ધોઈ નાખવા.

ત્રણ વખત આચમન કરવાનું કારણ એ છે કે, તેનાથી કાયિક, માનસિક, વાચિક આ ત્રણેય પ્રકારના પાપો નાશ પામે છે. ત્રણ વાર આચમન કરવામાં ઋગ્વેદમાં પણ કહ્યું છે :- 'प्रथमं यत् पिबति तेन ऋग्वेदं प्रीणाति । यद् द्वितीयं तेन यजुर्वेदं प्रीणाति यद् तृतीयं तेन सामवेदं प्रीणाति ।।' - અર્થાત્ ત્રણવાર આચમન કરવાથી ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એમ ત્રણેય વેદો પ્રસન્ન થઈને મનોકામના પૂર્ણ કરે છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારીએ તો આચમન કરવાના **મુખ્ય બે કારણ** છે. તેમાં એક તો ગળાની સફાઈ માટે આચમન કરવામાં આવે છે. આચમન ક્રિયાથી ગળામાં ફસાયેલો કફ સાફ થઈ જાય છે. તેથી શ્વાસ-પ્રશ્વાસ ક્રિયામાં તથા મંત્રાદિકના શુદ્ધ ઉચ્ચારણમાં પણ અપેક્ષિત મદદ મળે છે.

બીજું કારણ એ છે કે, આચમન હાથમાં જળ રાખી

ભગવન્નામના ઉચ્ચાર સાથે કરવામાં આવે છે. જળ ખૂબ ગજબનું સંવેદનશીલ તત્ત્વ છે. મંત્રનાદથી તરંગો ઉત્પન્ન થાય છે તેનાથી ઊંડી અસર કરે છે. આજનું વિજ્ઞાન પણ આ વાત પુરવાર કરે છે. જાપાનના પ્રોફેસર **ડો. સમારુ ઈમોટે** જણાવે છે કે, શુદ્ધભાવથી કરેલી પ્રાર્થનાથી પાણી પર સકારાત્મક અસર થઈ પાણીના સ્ફટિકોમાં સુંદર કલાત્મક ડીઝાઈન રચાય છે. આ વાત એમણે પાણીના માઈક્રોસ્કોપ દ્વારા ફોટા લઈને સાબિત કરી હતી. આથી ઊલટું નકારાત્મક વિચારોથી પાણીના સ્ફટિકો અસ્તવ્યસ્ત નજરે પડે છે. આમ, હાથમાં પાણી લઈ તે પાણીને મંત્રોચ્ચાર વડે પ્રભાવિત કરીને પરમશક્તિ પરમાત્માના હકારાત્મક તરંગોને પોતા તરફ આકર્ષી શકાય છે. એવા શુદ્ધભાવ સાથે આચમન કરવું.

'ત્યારપછી મારા આશ્રિત એવા પુરુષમાત્ર તેમણે ચાંદલાએ સહિત **ઊર્ધ્વપુંડ્ર તિલક** કરવું અને જે સુવાસિની સ્ત્રીઓ હોય તેમણે કેવળ ચાંદલો કરવો પણ તિલક ન કરવું.'

દાયકાઓ પૂર્વે પુરુષ હોય કે સ્ત્રી, રાજા હોય કે વેપારી, સંત હોય કે સંસારી દરેક ભારતીયના લલાટ પર તિલક અવશ્ય જોવા મળતું. આજે પણ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીની ઓળખાણ એટલે **'તિલક-ચાંદલો'** જ છે. શું છે આ તિલકપ્રથા ? ચાલો આપણે વિગતવાર **આધુનિક દૃષ્ટિથી** જોઈએ.

શરીરના અંગોમાં **મસ્તક**નું સ્થાન અનોખું છે. રૂપ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શનું જ્ઞાન ઈન્દ્રિયો અનુક્રમે આંખ, જીભ, નાક, કાન અને ચામડી દ્વારા થાય છે. તે સર્વે ઈન્દ્રિયો મસ્તકમાં સમાયેલી છે. શરીરની સરેરાશ છ ફૂટની લંબાઈમાં માત્ર એક ફૂટ જેટલું મસ્તક આવેલું છે. પરંતુ શરીરની પાંચેય ઈન્દ્રિયે શું કાર્ય કરવું ? કેવું કાર્ય કરવું ? અને કેટલું કાર્ય કરવું ? વગેરે તમામ આજ્ઞાઓ મસ્તકમાંથી જ થાય છે. મગજમાંથી છોડાયેલા સંદેશ આપણી બે આંખ વચ્ચે સહેજ ઉપરના સ્થાનમાં રહેલા આજ્ઞાચક્રમાં આવે છે. આ સ્થાને વૈજ્ઞાનિકોને પણ જ્ઞાનતંતુઓના ગૂંચળા જોવા મળ્યા છે. આ ચક્રમાંથી આજ્ઞાના રૂપમાં દરેક અવયવને સંદેશા મળે છે. એમ કહો કે, આખા શરીરનું ટેલીફોન એક્સચેંજ અહીં છે. કારણ કે, અહીં ગમે ત્યારે ગમે તે અવયવના જ્ઞાનતંતુ રૂપી વાયરોમાંથી ઘંટડીઓ વાગ્યા કરતી હોય છે. દરેકની સમસ્યા જાણવી, પછી પાછો એનો અનુરૂપ ઉપાય મેળવી અવયવને વળતો જવાબ આપવો - આ બધું કામ આ આજ્ઞાચક્ર જ કરે છે. માટે આ સ્થાનને સતત સતેજ રાખવું જરૂરી છે. આ સ્થાને કરેલું ચંદનાદિક શુભ દ્રવ્યોનું તિલક તેની કાર્ય ક્ષમતાનો વધારો કરવામાં ઉપયોગી બને છે.

કોઈ કારખાનામાં કામદારો હોય જે પોતપોતાના વિભાગમાં પોતાને સોંપાયેલા કામ કરતા હોય, પણ ત્યાંના મેનેજરને તો બધા વિભાગના માણસો જોડે સંદેશાવ્યવહાર રાખીને બધા વિભાગોનું સંકલન કરવું પડે છે. ત્યારે જ પોતાના શેઠે આપેલા **લક્ષ્યાંક**ને તે પાર પાડી શકે છે. તે માટે મેનેજર હાથ નથી ચલાવતો પણ યોગ્ય સમયે યોગ્ય નિર્ણયો લઈ, યોગ્ય આયોજન કરવા માટે મગજ દોડાવે છે. તેનો જ તેને પગાર મળે છે. તેની આવક પણ કામદાર કરતા વધુ હોય છે. એ જ રીતે આજ્ઞાચક્રને આપણે તિલક કરીને થોડું વધુ પોષણ-ભથ્થું આપીએ છીએ, જેના માટે તે લાયક છે. માત્ર પોષણ જ શું કામ તમે કરેલા તિલકનું આવરણ 'દીવાલ' બની તમારા મસ્તકના આ મુખ્ય ભાગનું પણ રક્ષણ કરે છે. જેમ કારખાનામાં શાંત ચિત્તે મેનેજરને વિચાર કરવા માટે ઓફિસ હોય છે, જે બહારના યંત્રોના અવાજ કે માણસોના કોલાહલને અંદર પ્રવેશવા દેતા નથી. તેથી મેનેજર એકાગ્રચિત્તે કંપનીના લાભાર્થે સારા **નિર્ણય** લઈ શકે છે.

તમે કરેલા તિલકનું આવરણ તમારા અતિ મહત્ત્વના **આજ્ઞાચક્ર**ને બહારની અશુદ્ધિ અને નેગેટિવ વિચારના આક્રમણથી રક્ષણ આપે છે. કોઈ કાચની દીવાલ બહારના અવાજને અટકાવે છે. સાથે-સાથે બહારથી આવતી તાજી હવાને પણ રોકી રાખે છે. જ્યારે તિલકમાં વપરાતા દ્રવ્યો એટલા વૈજ્ઞાનિક છે કે તે હકારાત્મક વિચારને રોકવાને બદલે આજ્ઞાચક્ર સુધી પહોંચાડવામાં મદદ કરે છે અને તેને **પ્રબળ** પણ બનાવે છે...!!

આ જ કારણસર પૂજાપાઠ વખતે કપાળ પર તિલક લગાડવું જરૂરી બની જાય છે. પૂજાપાઠ વખતના મંત્રોચ્ચારથી વાતાવરણમાં ઉદ્‌ભવતિ શક્તિઓ જેને આધુનિક વિજ્ઞાન 'કોસ્મિક એનર્જી' તરીકે ઓળખાવે છે. તેમાંથી હકારાત્મક તરંગોને આજ્ઞાચક્ર સુધી પહોંચાડવામાં તિલક **શ્રેષ્ઠ માધ્યમ** બની રહે છે. જે રીતે બિલોરી કાચ સૂર્યના વેર-વિખેર કિરણોને એકત્રિત કરી પ્રચંડ શક્તિ ઉત્પન્ન કરે છે એ જ રીતે મસ્તક પરનું તિલક આસપાસની વેર-વિખેર શક્તિને આજ્ઞાચક્રમાં કેન્દ્રિત કરીને તેને વધુ શક્તિવાન બનાવે છે. વિધિપૂર્વક નિત્ય લગાવવામાં આવતું તિલક મનુષ્યના અંતર્ચક્ષુને જગાડી શકવાની **સમર્થતા** ધરાવે છે.

આજનો સામાન્ય માણસ તિલકના **વ્યવહારુ ફાયદા** ઉઠાવી શકે છે. કારણ કે, આજ્ઞાચક્ર મગજના સંદેશાવ્યવહાર

સંભળાવવાનું કાર્ય કરતું હોય તે મન અને વિચાર સાથે જોડાયેલું છે. તેથી કપાળ પર કરાયેલું તિલક આપણા મન અને વિચારને વધુ મજબૂત કરે છે. તિલક સૂક્ષ્મ રીતે મનને શાંત અને નિર્મળ બનાવી એકાગ્રતામાં પણ વધારો કરે છે. તિલક માનસિક ક્ષમતામાં વધારો કરી આજના હરિફાઈ યુગમાં ટકી રહેવામાં મદદરૂપ બને છે. આજની પેઢીના વિદ્યાર્થીઓ ક્યારેક શુભપ્રસંગે ચાંદલો કરતી વખતે મોઢું બગાડતા હોય છે તેમજ કેટલીક શાળાઓ વિદ્યાર્થીઓને તિલક કે ચાંદલો કરવાની મનાઈ ફરમાવતી હોય છે. તેમને જાણ થાય કે, આપણા તિલકના ખાસ દ્રવ્યો ચંદનાદિક તેમાં એવા **ગુણ** રહેલા છે, જે વિદ્યાર્થીઓની બૌદ્ધિક ક્ષમતા વધારવામાં ઘણા જ મદદરૂપ થાય છે. આવા પરિશુદ્ધ દ્રવ્યો વડે વિધિવત્ કરેલું તિલક શરીર, મગજ, મન અને આત્મા એમ દરેક માટે **ઉપકારક** બની રહે છે. આ તિલકમાં વપરાતા દ્રવ્યોમાં એવું શું ખાસ છે તે હવે **વિગતવાર** જોઈએ.

**ચંદન** :- ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા છે કે, અમારા આશ્રિતોએ જે તિલક કરવું તે ગોપીચંદન અથવા ભગવાનની પ્રસાદીનું ચંદન તેણે કરીને કરવું. ગોપીચંદન એટલે દ્વારિકા તીર્થમાં આવેલા ગોપીતળાવની વિશેષ પ્રકારની માટી. જેનો સહેજ સ્વાભાવિક ગુણધર્મ જ શીતળતા છે. સાથે-સાથે તેમાં આધ્યાત્મિકતા પણ જોડાયેલી છે. માટે તે પવિત્ર અને લાભદાયક છે જ, પરંતુ આપણે અહીં આપણા સંપ્રદાયમાં મોટે ભાગે તિલક કરવા માટે વપરાતા ભગવાનના પ્રસાદીના ચંદનની ચર્ચા કરીશું.

આયુર્વેદના મત પ્રમાણે ચંદન **ત્રિદોષનાશક** છે એટલે કે, વાત-પિત્ત અને કફની **સમતુલા** શરીરમાં જાળવી રાખે છે. વધારામાં તે શીતળતા આપનાર છે. વળી, તેની સુગંધથી તો બધા પરિચિત જ હોય...!! આથી આજ્ઞાચક્ર પર વધુ કામના બોજાથી ઉત્પન્ન થતી ગરમીને કાબુ કરવા ચંદન વધુ લાભદાયક છે. આપણા સંપ્રદાયમાં ઠાકોરજી, પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતોને ઉનાળાના દિવસોમાં ચંદનની અર્ચા કરવામાં આવે છે. જેથી શરીર અને આસપાસના વાતાવરણમાં સુગંધની સાથે ઠંડક પણ પ્રસરી જાય છે. જે આપણે બધા અનુભવીએ છીએ.

મનના ક્રોધ તથા આવેશોને સમાવી શાંતિ પ્રાપ્ત કરવામાં ચંદનનું તિલક **મહત્ત્વનો ભાગ** ભજવે છે. મનના વિકારોથી ઉત્પન્ન થતા વિષને પણ દૂર કરવાનું અગત્યનું કામ તે કરે છે. સળંગ ઉપવાસ કે અન્ય કારણસર શરીરની ગરમી વધી જાય તો કપાળ પર ચંદનના લેપ માત્રથી ગરમી દૂર થાય છે. આ ઉપરાંત ચંદનનો મોટો ફાયદો એ છે કે, તે ભગવાનને પ્રિય છે...!!

**કંકુ** :- હળદર અને ચૂનાને પાણીમાં પલાળવાથી લાલ કંકુ બને છે. 'પીળું એટલું સોનું નહિ' એ કહેવત હળદરની બાબતમાં તદ્દન ખોટી પડે છે. આધ્યાત્મિક કે શારીરિક એમ બંને ક્ષેત્રમાં હળદરનું મહત્ત્વ સોના જેવું છે. હળદર કફ, પિત્ત અને વાયુ ત્રણે દોષમાં ગુણકારી છે. હળદરમાં ૭૦% કાર્બોહાઈડ્રેટ છે. આવી હળદરને કપાળ પર લગાડવાથી આજ્ઞાચક્ર હળદરને શોષી લઈ શક્તિ મેળવે છે. અને શરીરના અવયવોને ચુસ્ત અને સ્ફૂર્તિમય રાખવામાં મદદ કરે છે. હળદર કૃમિનાશક છે અને એન્ટિસેપ્ટિક પણ છે. તેથી શરીરના કોઈપણ ભાગને ઈજા થાય અને લોહી નીકળે ત્યારે હળદર દાબી દેવાથી લોહી બંધ થઈ ઘા જલ્દી રૂઝાઈ જાય છે.

અત્યારના સંશોધન પ્રમાણે કરક્યુમિન નામનું તત્ત્વ હળદરમાં રહેલું છે, જે કેન્સર પ્રાથમિક તબક્કામાં હોય તો તેને મટાડી શકવાની શક્તિ ધરાવે છે.

શાસ્ત્રોમાં હળદરને હૃદયવિલાસીની અને પ્રીતિવર્ધક ગણાવી છે. તેથી આરાધ્ય દેવના પ્રેમ સંપાદન કરવા હળદર અને ચૂના યુક્ત કંકુનો ચાંદલો કપાળમાં કરવામાં આવે છે.

અનેક રોગોમાં ઉપયોગી હળદર સાથે ચૂનો મળીને બનતા લાલ રંગના કંકુની ઉપયોગીતામાં વધારો થાય છે. કંકુના ચાંદલાથી હળદરના બધા ફાયદા તો મળે જ છે સાથે ચૂનાને લીધે શરીરનું અસ્થિતંત્ર પણ મજબૂત બને છે.

આપણે **વર્ણવ્યવસ્થા**માં જોયું તેમ આપણે ત્યાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય આ ત્રણ વર્ણ અને સત્શૂદ્રો તેમના ઉપર ઘણી મોટી જવાબદારીઓ હોય છે. તેમને વિશેષ કાર્ય પોતાના મગજ પાસેથી જ લેવાનું હોય છે. જેમ કે - બ્રાહ્મણોએ વિદ્યાભ્યાસ કરવો - કરાવવો, ક્ષત્રિયોએ રાજ્યનો વહીવટ ચલાવવો અને વૈશ્યોએ અર્થોપાર્જન માટે વ્યાપાર અને વ્યાજવટો કરવો. તે જ રીતે સત્શૂદ્રો એટલે વિવિધ કલાના કારીગરો. માટે તેમણે પોતાની કલાની કુશળતા માટે પણ મગજનો જ ઉપયોગ કરવો પડે છે. આનો વિશેષ બોજો તેમના આજ્ઞાચક્ર પર પડે છે માટે તેમને નિત્ય ઊર્ધ્વપુંડ્ર તિલક સહિત ચાંદલો કરવો જેથી ચંદન અને કંકુ બંને દ્રવ્યોના વિશેષ ફાયદા તેમને મળી શકે. એવી **ભગવાનની આજ્ઞા** છે.

જે અસત્શૂદ્રો હોય તેમનું **કર્તવ્ય** છે **'ત્રણ વર્ણની સેવા'** એટલે તેમના મગજ પર અને આજ્ઞાચક્ર પર એટલો બધો બોજો નથી હોતો. તેમ છતાં તેમને શારીરિક શ્રમ ખૂબ કરવાનો હોય છે માટે તેમને કંકુનો ચાંદલો તો ફરજીઆત કરવો જ. જેનાથી

આજ્ઞાચક્રને ઠંડકની સાથે શરીરના અસ્થિતંત્રને મજબૂતાઈ મેળવવામાં મદદ મળી શકે.

સ્ત્રીઓને પણ માનસિક શ્રમ બહુ ન હોવાથી તિલકની જરૂર નથી પણ કંકુનો ચાંદલો તો કરવો જ તેનાથી સ્ત્રીઓને ઘણા **વિશેષ ફાયદા** થાય છે. તંદુરસ્ત બાળકને જન્મ આપવામાં કંકુમાં રહેલો ચૂનો ઘણો ભાગ ભજવે છે. સ્ત્રીઓને રજસ્વલા ધર્મ દરમ્યાન તેમજ ગર્ભાવસ્થાથી લઈ નવજાત શિશુના યોગ્ય પોષણ માટે લોહીની વિશેષ જરૂર પડે છે. અને આજની 'કલરથેરપી' મુજબ લોહી વધારવા માટે લાલ રંગ મદદરૂપ બને છે. આ જ વાત ઋષિમુનિઓ સારી રીતે જાણતા હતા તેથી જ સ્ત્રીઓને ખાસ લાલ રંગની વસ્તુઓ જેવી કે લાલ પાનેતર, લાલ ચુંદડી, લાલ બંગડીઓ અને લાલ ચાંદલો વગેરે ઉપયોગ કરવાનું કહેવાયું છે. આજ્ઞાચક્ર પર નિત્ય કરાતા શુદ્ધ લાલ રંગનો કંકુનો ચાંદલો રક્તકણોને વધારવામાં વધુ સહાયરૂપ બને છે તેથી જ સધવા સ્ત્રીઓએ પ્લાસ્ટીકના ચાંદલાનો ઉપયોગ ન કરતા ફરજીઆત કંકુનો જ ચાંદલો નિત્ય કરવો એવી ભગવાન શ્રીહરિની આજ્ઞા છે.

આપણા શાસ્ત્રોની વ્યવસ્થા પ્રમાણે વિધવા સ્ત્રીઓએ પોતાના પિતા, પુત્ર કે કોઈપણ પોતાના નજીકના સંબંધી પુરુષ તેમની આજ્ઞામાં રહીને પ્રભુપરાયણ જીવન જીવવાનું હોય છે. માટે શારીરિક કે માનસિક વિશેષ શ્રમ હોતો નથી. પ્રભુભજન કરવું એટલું માત્ર જ એમનું કર્તવ્ય છે માટે તેમણે તિલક કે ચાંદલાની આવશ્યકતા નથી એવો ભગવાન શ્રીહરિનો અભિપ્રાય છે.

ઉપરોક્ત કહ્યા પ્રમાણે **તિલક-ચાંદલો** કર્યા પછી તમામ સ્ત્રી-પુરુષોએ **માનસી પૂજા** કરવી. માનસી પૂજા એટલે જેવા પોતે ભગવાનના પ્રત્યક્ષ દર્શન કર્યા હોય, અથવા શાસ્ત્રોમાં જેવું ભગવાનનું વર્ણન કર્યું હોય અથવા સંતો પાસે જેવું વર્ણન સાંભળ્યું હોય એવા ભગવાનનું પોતાના હૃદયકમળમાં ધ્યાન કરી મનથી કલ્પેલા માનસ ઉપચારોથી ભગવાનનું પૂજન કરવું.

મનુષ્ય શરીર મળ્યા પછી જીવાત્માનું **મુખ્ય કર્તવ્ય** પરમાત્માની પ્રાપ્તિ જ છે. અને પરમાત્માની પ્રાપ્તિ માટે ભગવત્સ્વરૂપનું ધ્યાન ખૂબ જ શ્રેષ્ઠ અને સુખદાયક ઉપાય છે. અને ધ્યાન કરવા માટે મનની એકાગ્રતા હોવી અતિ આવશ્યક છે. તેથી જ શ્રીજીમહારાજે સવારથી જાગીએ ત્યારથી છેક માનસી પૂજાનો પ્રારંભ કરીએ ત્યાં સુધી મનની સ્ફૂર્તિ, તાજગી અને એકાગ્રતા વધે તે પ્રમાણેની બધી ક્રિયાઓ આપણને ખૂબજ કુશળતા પૂર્વક બતાવી અને મનને એકાગ્ર કરવાના હજારો ઉપાય છે તેમાંથી ભગવાન શ્રીહરિએ એવા ઉપાયો ઉદ્ધૃત કરીને આપણને આપ્યા કે જે સરળ, સુગમ અને આનંદદાયક છે. તે પ્રમાણે કર્યા પછી અનાયાસે જ મન સ્ફૂર્તિવાન અને એકાગ્ર થાય છે. જેનાથી મનુષ્ય પોતાના **મુખ્ય કર્તવ્ય**ને સિદ્ધ કરવા માટે પોતાના **ઈષ્ટસ્વરૂપનું ધ્યાન** કરી શકે...!!

આપણા શાસ્ત્રોમાં ધ્યાન ત્રણ પ્રકારના બતાવ્યા છે. ૧. **સલીલ.** ૨. **સપાર્ષદ.** ૩. **સાંગોપાંગ.** એ ત્રણેયનો સમન્વય એટલે **માનસીપૂજા.** માનસીપૂજામાં આપણે જ્યારે ભગવાનને લાડ-લડાવતા હોઈએ, સ્નાન કરાવતા હોઈએ કે જમાડતા હોઈએ, વસ્ત્રો ધારણ કરાવતા હોઈએ કે ભગવાન શ્રીહરિને મુક્તોની સભામાં બિરાજમાન કરાવતા હોઈએ ત્યારે એ બધું જો એકાગ્રચિત્તથી કરવામાં આવે તો મોટા-મોટા યોગીઓને પણ મહા પરિશ્રમ પછી જે સુખની ઝાંખી થવી દુર્લભ છે એવા અદ્વિતીય ભગવાનના સાનિધ્યના **સુખનો અનુભવ** થાય છે. માટે ભક્તજનોએ નિત્ય પ્રત્યે માનસી પૂજા કરવી આપણા સંપ્રદાયની રીતિ પ્રમાણે પ્રતિદિન પાંચવખત માનસી પૂજા કરવામાં આવે છે તેનો વિધિ સાંપ્રદાયિક શાસ્ત્રો અથવા સંતો પાસેથી વ્યવસ્થિત સમજીને નિત્ય પ્રત્યે માનસી પૂજા કરીને આધ્યાત્મિકતાના શિખરો અનાયાસે જ સર કરી લેવા. આવો ભગવાન શ્રીહરિનો **અભિપ્રાય** છે.

માનસી પૂજા કર્યા પછી પણ **પ્રત્યક્ષપૂજા** કરવાનું કારણ તેમજ પ્રત્યક્ષપૂજા કરવાનો વિધિ આપણે પછીના લેખમાં જોઈશું અને તેમના ઊંડા રહસ્યને આધુનિક દૃષ્ટિથી તપાસશું. પરંતુ અહીં યથાશક્તિ અને યથાપ્રાપ્ત માહિતી પ્રમાણે જે કંઈ પણ રહસ્યો આધુનિક દૃષ્ટિએ લખ્યા છે તેનાથી એટલો **નિર્ધાર** તો ચોક્કસ કરી લેવો કે હિન્દુ સંસ્કૃતિમાં ક્યાંય પણ અંધશ્રદ્ધા છે જ નહિ. જે પણ વિધાન કરવામાં આવ્યા છે તે માત્ર આપણા હિત માટે જ છે. એમ વિચારીને આજ થી જ... અરે ! અત્યારથી જ ભગવાન શ્રીહરિની શબ્દશઃ અણિશુદ્ધ આજ્ઞા પાળવા લાગી જવું તો જ આલોક અને પરલોકમાં સુખી થવાશે.

અહીં જે કંઈ પણ લખવામાં આવ્યું છે અને જે કંઈ પણ રહસ્યો સમજાવવામાં આવ્યા છે તે તો માત્ર **ભૌતિક રહસ્યો** છે. અથવા તો આ લોકના વ્યવહારમાં જે કોઈ રીતે ઉપયોગી છે તેના જ રહસ્ય છે. પરંતુ આપણા ધાર્મિક વિધાનોમાં અને શિક્ષાપત્રીની એક-એક આજ્ઞામાં સમુદ્ર જેટલી અગાધ **આધ્યાત્મિક્તાના રહસ્યો** ભરેલા છે તે રહસ્યોનો પાર પામવાની વાત તો એકબાજુ રહી, પરંતુ તેના **આચમન માત્ર**ની સામર્થી કે શક્તિ પણ આપણી નથી...!!!



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી








ગઢડાને આંગણે પ.ભ. શ્રી બાબુભાઈ ખોપાળાના યજમાનપદે શ્રીહરિકૃષ્ણ મહારાજના ૧૫૫મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી








વડતાલ પ્રદેશના સોજીત્રા (જી. આણંદ)ને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'દિવ્ય શાકોત્સવ'








વડતાલ પ્રદેશના ખેડાસા (તા. બોરસદ)ને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'દિવ્ય સત્સંગ સભા'








ગઢડા શ્રી લક્ષ્મીવાડી સ્થિત સ્મૃતિ મંદિરમાં બિરાજમાન દેવોના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે અભિષેક પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી




શ્રી રઘુવીરવાડી - વડતાલ ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં
ઉજવાયેલ ધૂળેટી-રંગોત્સવ (તા. ૧૬-૩-૨૦૧૪)




જૂનાગઢને આંગણે શ્રીહરિકૃષ્ણ મહારાજના ૧૫૫મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી (તા. ૧૮-૩-૨૦૧૪)





શ્રી રઘુવીરવાડી - વડતાલ ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીના '૪૧મો જન્મોત્સવ'ની ઉજવણી કરતા સંતો-હરિભક્તો (તા. ૨૧-૩-૨૦૧૪)




ગઢડા પ્રદેશના માંડવધાર (તા. ગઢડા)ને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવના ઉપલક્ષમાં પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં યોજાયેલ 'દિવ્ય સત્સંગ સભા' (તા. ૨૧-૩-૨૦૧૪)




જૂનાગઢ પ્રદેશના બોડકા (સ્વામીના) ગામને આંગણે નૂતન ગૌશાળા ઉદ્‌ઘાટન કરતા લાલજી મહારાજશ્રી તથા 'દિવ્ય સત્સંગ સભા' (તા. ૨૨-૩-૨૦૧૪)




જૂનાગઢ પ્રદેશના આખા (તા. કેશોદ) ગામને આંગણે નૂતન આચાર્યશ્રી ઉતારાનું ઉદ્‌ઘાટન લાલજી મહારાજશ્રી. (તા. ૨૨-૩-૨૦૧૪)




ખોપાળાને આંગણે શ્રીહરિકૃષ્ણ મહારાજ આદિક દેવોના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી (તા. ૨૩-૩-૨૦૧૪)









પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યામાં પૂ. કોઠારી સ્વામી - ગઢડાના માર્ગદર્શન પ્રમાણે યોજાયેલ 'ભટ્ટવદરથી ગઢપુર પદયાત્રા' (તા. ૨૭ થી ૩૧-૩-૨૦૧૪)






ગઢપુર પ્રદેશના ભેરાઈ (તા. રાજુલા)ને આંગણે રામ પરિવારના યજમાન પદે યોજાયેલ કથાપારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૬-૪-૨૦૧૪)






ગઢપુર પ્રદેશના કોવાયા (તા. રાજુલા)ને આંગણે લાખણોતરા પરિવારના યજમાન પદે યોજાયેલ કથાપારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૬-૪-૨૦૧૪)




ગઢપુર પ્રદેશના રામપરા (તા. રાજુલા)ને આંગણે વાઘ પરિવારના યજમાન પદે યોજાયેલ કથાપારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૬-૪-૨૦૧૪)




ગઢપુર પ્રદેશના ક્રાંકચ (તા. લીલીયા)ને આંગણે વાઘ પરિવારના યજમાન પદે યોજાયેલ કથાપારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૬-૪-૨૦૧૪)




ગઢપુર પ્રદેશના કેરાળાધાર (તા. સાવરકુંડલા)ને લીલાપુર આશ્રમ દ્વારા યોજાયેલ કથાપારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૬-૪-૨૦૧૪)




જૂનાગઢ પ્રદેશના વેરાવળ (સોમનાથ)ને આંગણે યોજાયેલ શ્રી પુરુષોત્તમ ચરિત્ર કથાપારાયણમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૭-૪-૨૦૧૪)




શ્રી રઘુવીરવાડી - વડતાલને આંગણે ધર્મકુળ પરિવારના દિવ્ય સાંનિધ્યમાં યોજાયેલ '૨૩૪મો ભગવાન શ્રીહરિનો પ્રાગટ્યોત્સવ' (તા. ૮-૪-૨૦૧૪)




સરધારને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ '૨૩૪મો ભગવાન શ્રીહરિનો પ્રાગટ્યોત્સવ'
આ પ્રસંગે પૂ. સ્વામીના શ્રીમુખે પ્રાગટ્ય મહોત્સવની કથાવાર્તાનો લાભ સૌ કોઈને મળ્યો હતો. (તા. ૮-૪-૨૦૧૪)




સરધારમાં નિવાસ કરતા કોલેજીયન વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ અને જીવન વિકાસ માટે યોજાયેલ સેમિનાર તેમજ વાર્ષિકસભા અને તડબુચ ઉત્સવ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# નૂતન નવલા વર્ષમાં દેવભૂમિ-તપોભૂમિ હરિદ્વારને આંગણે વિશાળ ફલક પર...

**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા**
**પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી**

## પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે
## ૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' પ્રસંગે

# શ્રી હરિદ્વાર મહોત્સવ

**:: તારીખ ::**

**૨૯ ૧૦-૨૦૧૪ થી ૬ ૧૧-૨૦૧૪**

કારતક સુદ - ૬ થી ૧૫

ઉત્તરાખંડ રાજ્યમાં ગંગા નદીના તટ પર દરિયાની સપાટીથી લગભગ એક હજાર ફૂટ ઊંચે વસેલું આ તીર્થ એટલે હરિદ્વાર. અહીંથી જ બદ્રિનાથ અને કેદારનાથ જવાના માર્ગ ઉપર હોઈ તેથી આ ધામનું મહત્ત્વ ઘણું છે. આ ધામનું વિશેષ માહાત્મ્ય તો એ છે કે સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ નીલકંઠવર્ણી વેશે તીર્થોમાં વિચરણ કરતી વખતે અહિં પધાર્યા હતા અને આ સ્થાનમાં હરકી પૈડી પર ગંગાસ્નાન કર્યું હતું. કુંભના મેળાને લીધે અપાર ગિરદી હતી એટલે શિવજી બ્રાહ્મણનું રૂપ લઈ વર્ણીને મંદિરમાં લઈ આવ્યા. વર્ણી ભૂખ્યા હતા તેથી પાર્વતીજીએ રસોઈ કરી જમાડ્યા, આમ શિવજી અને પાર્વતીએ પોતાના પરિવાર સહિત શ્રીજીમહારાજની સેવા તથા દર્શનનો લાભ લીધો. પંજાબ કેસરી રણજીતસિંહની વર્ણીપ્રભુ સાથે ઐતિહાસિક મુલાકાત પણ આ જ તીર્થમાં થઈ હતી. આવા આ મહાન પ્રસાદીના તીર્થસ્થાનમાં **સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની** પૂર્ણકૃપાથી વડતાલ પીઠાધિપતિ વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, નૂતન નવલા દિવસોમાં દેવભૂમિ-તપોભૂમિ **હરિદ્વારને** આંગણે **તા. ૨૯-૧૦-૨૦૧૪ કારતક સુદ - ૬ થી તા. ૬-૧૧-૨૦૧૪ કારતક સુદ - ૧૫** સુધી શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથના હૃદયગત સિદ્ધાંતને વરેલા અને સંપ્રદાયના મૂર્ધન્ય વક્તા સરધારનિવાસી **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીની ૩૨૫મી 'શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ'**નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે દેવોના દિવ્ય દર્શન, અભિષેક દર્શન, અન્નકુટ દર્શન, ધર્મકુળ દર્શન તથા આર્શીવચન તથા પૂ. સંતોના દર્શન તથા આશિષનો દુર્લભ લાભ લેવા આપ સહુને કુટુંબીજનો અને મિત્રમંડળ સહિત પધારવા પુનઃ ભાવભર્યું સસ્નેહ હાર્દિક નિમંત્રણ છે. તો જરૂરાજરૂર પધારશોજી.

**તા. ક.:-** આ કથા મહોત્સવમાં સમગ્ર ધર્મકુળ પરિવાર તથા અનેક બ્રહ્મનિષ્ઠ સંતો-મહંતો પધારી દર્શન-અમૃતવાણી લાભ આપશે.

## આયોજક-નિમંત્રક :- ભંડેરી ઈમ્પેક્ષ - સુરત

મગનભાઈ ભંડેરી, ઘનશ્યામભાઈ ભંડેરી, પ્રકાશભાઈ ભંડેરી, નિલેશભાઈ કોઠીયા, પ્રવિણભાઈ લાખાણી, શંભુભાઈ મોરડીયા

**મહોત્સવનું પ્રસારણ**

हमारा लक्ष्य चेनल

**લક્ષ્ય** ચેનલ પર **online :** www.lakshyatv.com

## ॥ મહોત્સવમાં આવવા માટેની વ્યવસ્થા ॥

**વિમાન વ્યવસ્થા :-** મુંબઈ અને દિલ્હીથી દેહરાદુન તેમજ અમદાવાદ, વડોદરા અને સુરતથી દિલ્હી સુધી વિમાનની વ્યવસ્થા ઉપલબ્ધ (દેહરાદુનથી હરિદ્વાર ૬૦ કિ.મી.)

**ટ્રેન વ્યવસ્થા :-** મુંબઈ, સુરત, અમદાવાદ અને રાજકોટથી હરિદ્વાર તેમજ દિલ્હી સુધીની ટ્રેનો ઉપલબ્ધ.... સરકારના નિયમ મુજબ ટીકીટ બુકીંગ બે મહિના અગાઉ કરાવવાની રહેશે. (દિલ્હીથી હરિદ્વાર ૧૫૦ કિ.મી.)



હરિદ્વાર મહોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત ઉત્તરભારતની બારમી

# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

**તારીખ :- ૨૭-૧૦-૨૦૧૪ થી ૧૩-૧૧-૨૦૧૪**

**કુલ દિવસ :- ૧૮ ટીકીટ દર :- ૧૨,૮૦૦**

**પ્રયોજક :- પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી - વડતાલ (હાલ-સરધાર)**

(ટીકીટ બુકીંગ સમયે રૂા. ૫,૦૦૦/- ભરવાના રહેશે તેમજ બાકીની રકમ ટીકીટ દીઠ રૂા. ૭,૮૦૦/- યાત્રાપ્રવાસ ઉપડતા પહેલા ૩૦ દિવસે ભરી દેવાના રહેશે.)

**દર્શનીય પવિત્ર તીર્થસ્થળો :-** હરિદ્વાર, ઋષિકેશ, અયોધ્યા, છપૈયા, કાશી, અલ્હાબાદ, મથુરા, વૃંદાવન, ગોકુળ

**ખાસનોંધ :-** તા. ૨૭-૧૦-૨૦૧૪ના રોજ **રાજકોટથી** ઉપડશે માટે **હરિદ્વાર** સુધીની યાત્રા દરમ્યાન યાત્રિકે પોતાની રીતે જમવાનું સાથે લાવવાનું રહેશે. તેમજ તીર્થસ્થાનોના દર્શન કરીને ટ્રેનયાત્રાનું **અંતિમ** વિરામ સ્થાન **રેલ્વે સ્ટેશન-રાજકોટ** રાખવામાં આવ્યું છે, તેથી યાત્રિકોએ ત્યાંથી પોતાની રીતે પોતપોતાના મુકામ સુધી પહોંચવાનું રહેશે.

**બુકિંગ માટે સંપર્ક :-** **શ્રી સ્વા. મંદિર - સરધાર.** ફો. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧ મો. ૭૬૦૦૦૫૮૫૦૫ (પૂ. પતિતપાવન સ્વામી) ૯૪૦૯૪૯૦૮૯૦ (મહેતાજી). **શ્રી સ્વા. મંદિર - શ્રીજીનગર સુરત.** મો. ૮૧૨૮૬૯૧૫૧૩. **પૂ. ધર્મવલ્લભ સ્વામી - વડતાલ.** મો. ૭૬૦૦૦૨૭૧૩૪. **શ્રી સ્વા. મંદિર - ડોંબીવલી** ફો.નં. ૦૨૫૧ - ૨૪૫૩૮૭૫ મો. ૯૩૨૨૭૫૩૦૫૨ (પૂ. પ્રેમ સ્વામી). **શ્રી સ્વા. મંદિર - ખારગેટ મહુવા.** મો. ૮૧૨૮૬૯૧૫૧૫ (કો. પા. સાગર ભગત). **શ્રી સ્વા. મંદિર - ભાવનગર.** મો. ૯૮૯૮૦૨૫૨૫૧ (કો. પા. મેહુલ ભગત), ૯૪૨૬૩૧૪૩૬૮ (અમરશીદાદા). **શ્રી સ્વા. મંદિર - બગસરા.** ફો.નં. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧, ૮૧૨૮૬૯૧૫૦૨ **મનસુખભાઈ દહિસર.** મો. ૯૮૩૩૫૧૫૧૭૨. **અશોકભાઈ વિદ્યાનગર.** મો. ૯૮૨૪૪૯૩૩૮૭. **પ્રવિણભાઈ માનકુવા - ભુજ.** મો. ૯૮૨૫૭૯૫૮૫૨. **ગોવિંદભાઈ માનકુવા - ભુજ.** મો. ૯૮૨૫૫૩૭૮૪૬. **રાજુભાઈ સુખપુર-ભુજ.** મો. ૯૮૭૯૭૩૪૪૩૫. **ઈશ્વરભાઈ વિકાસ મોટર્સ - અમદાવાદ.** મો. ૯૯૨૫૦૪૪૧૦૮. **નાથાભાઈ અમદાવાદ.** મો. ૯૮૭૯૧૩૨૩૧૨. **શાંતિલાલ માણાવદર.** મો. ૯૪૨૬૧૬૭૭૦૮. **હિંમતભાઈ ધંધુકા.** મો. ૯૪૨૮૪૯૯૩૦૮. **ધીરુભાઈ - ઉના.** મો. ૯૮૨૪૨૪૩૧૬૬. **મહેશભાઈ - નાગકડા.** મો. ૯૪૨૬૭૧૩૦૧૩. **જગદીશભાઈ - ભરુચ.** મો. ૯૪૨૯૪૨૭૧૦૦. **દુર્લભજીભાઈ - જેતપુર.** મો. ૯૩૨૭૬૦૧૦૦૮. **નિલેશભાઈ - અમરેલી.** મો. ૯૪૨૭૨૩૦૬૨૦.

**હરિદ્વાર ઉતારા વિષે માહિતી :-** હરિદ્વારને આંગણે ઉજવાતા વિશાળકાય મહોત્સવમાં લાભ લેનાર પોતાની રીતે વિમાન યા ટ્રેન કે અન્ય રીતે **ડાયરેક્ટ** આવવા ઈચ્છતા ભક્તજનો માટે જમવાની તથા **ઉતારાની** વ્યવસ્થા મહોત્સવ સ્થળ ઉપર **ટેન્ટહાઉસમાં** કરવામાં આવશે. પરંતુ યાત્રિક પોતાની રીતે ધર્મશાળા યા હોટલમાં પોતાના ખર્ચે રહા શકશે. મહોત્સવમાં આવનાર તમામ ભક્તોએ સરધાર મંદિરે પોતાનું નામ-સરનામાની વિગત સાથે આઈ કાર્ડની ઝેરોક્ષકોપી ફરજીઆત મોકલવાની રહેશે.

**અન્ય સૂચના :-** આ મહોત્સવનો લાભ લેનાર ભક્તોએ પોતાની સાથે ઠંડીનો સમય હોવાથી પહેરવા તેમજ ઓઢવા-પાથરવા માટે **ગરમ વસ્ત્રો** ફરજીઆત સાથે લાવવાના રહેશે. અને પોતે દરરોજ લેતા હોય તે દવાઓ તેમજ તાવ, ઉધરસ-શરદી, ઉલ્ટી-ઝાડા વગેરે **દવાઓ** સાથે લેવી. આ મહોત્સવમાં પોતાની રીતે ટ્રેન કે અન્ય વાહન દ્વારા મહોત્સવમાં લાભ લેવા પધારનાર કોઈપણ ભક્તની **આર્થિક સ્થિતિ** નબળી હશે તો, યજમાન પરિવાર દ્વારા ભાડાની રકમ આપવામાં આવશે. તેની આવનાર ભક્તજનોએ ખાસ નોંધ લેવી.

શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી સરધાર ૨૦૧૩

**સરધારધામને આંગણે તા. ૨૦ થી ૨૬-૧૦-૨૦૧૪ સુધી ઓગણીસમી 'શ્રી સ્વામિનારાયણ સત્સંગ છાવણી'નું આયોજન કરવામાં આવેલ છે.**

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી ધર્મમાર્તંડ, ધર્મકુળ ચુડામણી **વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી** સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા **પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે આયોજીત**

## મહોત્સવો તથા કથાપારાયણો તથા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની તિથિ-તારીખ

| ક્રમ | તારીખ | તિથિ | વિગત | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૩૦-૪-૨૦૧૪ થી ૨-૫-૨૦૧૪ | વૈશાખ સુદ - ૧ થી વૈશાખ સુદ - ૩ | વૈશાખ સુદ - ૩ તા. ૨-૫-૨૦૧૪ | મુ. **ભાડુઈ**, તા. જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૫, ૯૬૦૧૯૧૬૦૧૦ |
| ૨. | ૨-૫-૨૦૧૪ થી ૬-૫-૨૦૧૪ | વૈશાખ સુદ - ૩ થી વૈશાખ સુદ - ૭ | વૈશાખ સુદ - ૩ તા. ૨-૫-૨૦૧૪ | મુ. **રાજ સમઢીયાળા**, તા. જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૫, ૯૮૨૪૮૭૭૦૭૦ |
| ૩. | ૫-૫-૨૦૧૪ થી ૧૧-૫-૨૦૧૪ | વૈશાખ સુદ - ૬ થી વૈશાખ સુદ - ૧૨ | વૈશાખ સુદ - ૧૨ તા. ૧૧-૫-૨૦૧૪ | મુ. **ચોરાલી-મોલી**, તા. ઉના, જી. જૂનાગઢ<br>સંપર્ક :- મો. ૯૯૦૯૬૦૧૫૨૯, ૭૫૬૭૦૯૭૪૩૬ |
| ૪. | ૭-૫-૨૦૧૪ થી ૧૧-૫-૨૦૧૪ | વૈશાખ સુદ - ૮ થી વૈશાખ સુદ - ૧૨ | વૈશાખ સુદ - ૧૨ તા. ૧૧-૫-૨૦૧૪ | મુ. **જીવાપર**, તા. ખાંભા, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૮૧૪૦૯૪૪૦૫૦, ૯૯૭૪૪૩૫૨૮૫ |
| ૫. | ૧૨-૫-૨૦૧૪ થી ૧૪-૫-૨૦૧૪ | વૈશાખ સુદ - ૧૩ થી વૈશાખ સુદ - ૧૫ | વૈશાખ સુદ - ૧૩ તા. ૧૨-૫-૨૦૧૪ | મુ. **ફાચરીયા**, તા. ખાંભા, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૯૦૯૬૬૨૦૪૮, ૯૯૦૯૭૯૩૫૬૧ |
| ૬. | ૧૨-૫-૨૦૧૪ થી ૧૪-૫-૨૦૧૪ | વૈશાખ સુદ - ૧૩ થી વૈશાખ સુદ - ૧૫ | વૈશાખ સુદ - ૧૩ તા. ૧૨-૫-૨૦૧૪ | મુ. **બાંભણીયા**, તા. મહુવા, જી. ભાવનગર<br>સંપર્ક :- મો. ૯૯૧૩૪૬૧૦૫૩ |
| ૭. | ૧૫-૫-૨૦૧૪ થી ૧૯-૫-૨૦૧૪ | વૈશાખ વદ - ૧ થી વૈશાખ વદ - ૫ | વૈશાખ વદ - ૫ તા. ૧૯-૫-૨૦૧૪ | મુ. **શેલણા**, તા. સાવરકુંડલા, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૯૨૫૪૯૩૯૯૫, ૯૪૦૮૬૮૩૦૮૩ |
| ૮. | ૧૫-૫-૨૦૧૪ થી ૧૯-૫-૨૦૧૪ | વૈશાખ વદ - ૧ થી વૈશાખ વદ - ૫ | વૈશાખ વદ - ૫ તા. ૧૯-૫-૨૦૧૪ | મુ. **કલ્યાણપર**, તા. સાવરકુંડલા, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૯૨૫૬૬૫૩૨૭ |
| ૯. | ૧૯-૫-૨૦૧૪ થી ૨૩-૫-૨૦૧૪ | વૈશાખ વદ - ૫ થી વૈશાખ વદ - ૧૦ | વૈશાખ વદ - ૧૦ તા. ૨૩-૫-૨૦૧૪ | મુ. **થાણાપીપળી**, તા. કેશોદ, જી. જૂનાગઢ<br>સંપર્ક :- મો. ૯૭૨૬૯૯૫૯૧૦ |
| ૧૦. | ૧૯-૫-૨૦૧૪ થી ૨૩-૫-૨૦૧૪ | વૈશાખ વદ - ૫ થી વૈશાખ વદ - ૧૦ | વૈશાખ વદ - ૧૦ તા. ૨૩-૫-૨૦૧૪ | મુ. **થાણાગાલોલ**, તા. જેતપુર, જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૯૦૯૯૨૪૩૧૪૧, ૯૯૨૫૧૩૫૨૫૦ |
| ૧૧. | ૨૩-૫-૨૦૧૪ થી ૨૭-૫-૨૦૧૪ | વૈશાખ વદ - ૧૦ થી વૈશાખ વદ - ૧૪ | વૈશાખ વદ - ૧૦ તા. ૨૩-૫-૨૦૧૪ | મુ. **અરજણસુખ**, તા. વડીયા, જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૯૨૫૯૦૬૬૪૪, ૯૯૨૫૨૭૬૨૯૯ |
| ૧૨. | ૨૩-૫-૨૦૧૪ થી ૨૭-૫-૨૦૧૪ | વૈશાખ વદ - ૧૦ થી વૈશાખ વદ - ૧૪ | વૈશાખ વદ - ૧૦ તા. ૨૩-૫-૨૦૧૪ | મુ. **પીપરલગ**, તા. જી. અમરેલી<br>સંપર્ક :- મો. ૯૮૨૫૪૮૬૪૧૨ |

દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

:: તારીખ :: ૪-૫-૨૦૧૪

## ॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥

:: સમય :: સવારે ૯ થી ૧

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી વિદ્યમાન આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

**નવનિર્માણ શ્રી સ્વામિનારાયણ મંદિર - બારડોલીનો**

## ખાતમુહૂર્તવિધિ-ભૂમિપૂજન મહોત્સવ

॥ દિવ્ય ઉપસ્થિતિ ॥
પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

॥ તારીખ ॥
૯-૫-૨૦૧૪, બુધવાર
**સમય :-** સવારે ૮-૩૦ થી ૧૨-૦૦

॥ સ્થળ ॥
નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર
મુ. બારડોલી, જી. સુરત.
સંપર્ક :- પૂ. સર્વમંગલ સ્વામી - મો. ૮૦૦૦૨૯૪૫૩૩




જૂનાગઢ પ્રદેશના માળીયા-હાટીના ગામને આંગણે પ.પૂ.લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ઉજવાયેલ
'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ
'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૭ થી ૨૩-૩-૨૦૧૪)




જૂનાગઢ પ્રદેશના રામોદ (તા. કોટડા સાંગાણી)ગામને આંગણે પ.પૂ.લાલજી મહારાજશ્રીના દિવ્ય સાંનિધ્યમાં ઉજવાયેલ
'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ
'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૨૪ થી ૨૦-૩-૨૦૧૪)




સરધારધામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે દસમો 'શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ' (તા. ૧૭ થી ૧૯-૪-૨૦૧૪)

# ૧૫૦૦ કરોડ મહામંત્ર લેખન શુભારંભ - વડતાલ













પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી દક્ષિણ વિભાગ સમસ્ત ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ દ્વારા આગામી વડતાલધામ ખાતે આયોજીત તૃતીય ચરણ ૧૫૦૦ કરોડ મહામંત્ર લેખનનો પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમસ્ત ધર્મકુળ પરિવારના સાનિધ્યમાં તેમજ સંતો-હરિભક્તોની દિવ્ય ઉપસ્થિતિમાં યોજાયેલ મહામંત્ર લેખન શુભારંભ મહોત્સવ.(વડતાલ, તા. ૮-૪-૨૦૧૪, ચૈત્ર સુદ - ૯ હરિજયંતિ-રામનવમી)

Swaminarayan Chintan, April - 2014 Reg. No. RJT - 624/13-15, Valid up to 31/12/15, RNI No. GUJGUJ-2013/47868_Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 14/6/2014
















રાજકોટ શહેરને આંગણે ધર્મકુળ આશ્રિત શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ દ્વારા ઉજવાયેલ વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અનુગામી અને વારસદાર, લાડિલા લાલ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો દિવ્ય અને ભવ્ય '૪૧મો જન્મોત્સવ' (તા. ૨૩-૩-૨૦૧૪)

Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007